


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 17
Issue : 088
Dt.: 07-12-2024,
Saturday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા રેપો રેટ અંગે મોટો નિર્ણય લીધો

# રેપો રેટને ફરી એકવાર ૬.૫૦ ટકા પર યથાવત્ રાખવાનો નિર્ણય

## મોનેટરી પોલિસીની બેઠકમાં ૪:૨ના બહુમતથી નિર્ણયઃ જેનાથી એવું કહેવાય છે કે હોમ લોનના ઈએમઆઈ પર કોઈ ફેર નહીં પડે, કોઈ રાહત પણ નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી


રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા રેપો રેટ અંગે મોટો નિર્ણય લીધો છે. હાલમાં આરબીઆઈનો રેપો રેટ ૬.૫૦ ટકા પર યથાવત્ હતો. જેમાં હવે કોઈ ફેરફાર ન કરતાં ૪:૨ના બહુમતથી રેપો રેટને ફરી એકવાર ૬.૫૦ ટકા પર યથાવત્ રાખવાનો નિર્ણય લેવાયો હતો. જેનાથી એવું કહેવાય છે કે તમારા હોમ લોનના ઈએમઆઈ પર કોઈ ફેર નહીં પડે. કોઈ રાહત પણ નહીં મળે.

અમુક અર્થશાસ્ત્રીઓ એવી આશા રાખીને બેઠા હતા કે આરબીઆઈ મોનિટરી પોલિસી કમિટીની બેઠકમાં રાહત આપી શકે છે. બીજી બાજુ ઉલ્લેખનીય છે કે આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસ મોનેટરી પોલિસી બેઠકનું નેતૃત્વ છેલ્લી વખત કરી રહ્યા છે. તેમનો કાર્યકાળ ૧૦ ડિસેમ્બરે ખતમ થઈ રહ્યો છે. આ વખતે ચર્ચા છે કે તેમનો કાર્યકાળ આગળ વધારવામાં આવી શકે છે.

મોનેટરી પોલિસી કમિટીએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં મજબૂત જીડીપી ગ્રોથ જાળવી રાખવાના ઉદ્દેશ સાથે કેશ રિઝર્વ રેશિયોમાં ૫૦ બેઝિસ પોઈન્ટ (૦.૫૦ ટકા)નો ઘટાડો કર્યો છે. ઈકરાના ચીફ ઈકોનોમિસ્ટ અદિતી નાયરે જણાવ્યં હતું કે, 'ડિસેમ્બર, ૨૦૨૪માં સીપીઆઈ ફુગાવો ૫ ટકાના દરમાં કે તેનાથી ઓછો નોંધાય તો ફેબ્રુઆરી, ૨૦૨૫માં રેપો રેટમાં ઘટાડો થઈ શકે છે. આરબીઆઈ ફુગાવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. વૈશ્વિક સ્તરે માગ નબળી પડી છે, દેશનો જીડીપી ગ્રોથ પણ ઘટ્યો છે. જે દેશના અર્થતંત્ર માટે ચિંતાનો વિષય છે.' કેશ રિઝર્વ રેશિયો ઘટાડી ૪ ટકા કરવામાં આવતાં દેશની નાણાકીય સિસ્ટમાં રૂ. ૧.૦૬ લાખ કરોડની લિક્વિડિટી ઉમરાવાનો આશાવાદ માર્કેટ નિષ્ણાતે આપ્યો છે. જે પ્રોજેક્ટ ફંડિંગ અને ગ્રોથને વેગ આપશે. મોટાભાગની બેન્કોના ટ્રેઝરી બોન્ડ પોર્ટફોલિયોનો નફો વધશે. તેમજ વપરાશમાં વધારો થતાં અર્થતંત્રને ટેકો મળશે.

આરબીઆઈએ વર્તમાન ફુગાવા અને જીડીપીના આંકડાને ધ્યાનમાં લેતાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે જીડીપી ગ્રોથ અંદાજ ૭.૨ ટકાથી ઘટાડી ૬.૬ ટકા કર્યો છે. ફુગાવાનો અંદાજ પણ ૪.૫ ટકાથી ઘટાટડી ૪.૮ ટકા રહેવાનો અંદાજ આપ્યો છે.

રેપો રેટ એ વ્યાજ દર છે જેના પર કોઈ રાષ્ટ્રની કેન્દ્રીય બેંક ભંડોળની અછતની સ્થિતિમાં વ્યવસાયિક બેંકોને નાણાં ધીરાણ આપે છે. નાણાંકીય અધિકારીઓ ફુગાવાને મેનેજ કરવા માટે રેપો દરનો ઉપયોગ કરે છે. રિપર્ચેઝ ડીલ અથવા વિકલ્પને 'રેપો' તરીકે ઓળખવામાં આવે છે." આરબીઆઈ નાણાંકીય મુશ્કેલી દરમિયાન વ્યવસાયિક બેંકોને મદદ કરવા માટે એક નાણાંકીય સાધનનો ઉપયોગ કરે છે. લોન કોલેટરલ જેમ કે ટ્રેઝરી બિલ અથવા સરકારી બોન્ડ સામે જારી કરવામાં આવે છે. રેપો રેટની વ્યાખ્યા દ્વારા, આ લોન પર લાગુ વ્યાજ દરને રેપો રેટ તરીકે ઓળખવામાં આવે છે. પછી, વ્યવસાયિક બેંકો ઋણની ચુકવણી કર્યા પછી જામીનની રકમ પરત ખરીદી શકે છે. આરબીઆઈ નીતિઓ દ્વારા વ્યાજ દરને અંતિમ રૂપ આપે છે. આ દરો દેશની વર્તમાન આર્થિક સ્થિતિ મુજબ સેટ કરવામાં આવે છે. RBIના ગવર્નર રેપો રેટને અંતિમ રૂપ આપવા માટે નાણાંકીય નીતિ પરિષદની અધ્યક્ષતા કરે છે. આ ઈન્ફલેશન ટ્રેન્ડને નિયંત્રિત કરવા અને




માર્કેટ લિક્વિડિટી જાળવવામાં આરબીઆઈ માટે એક મુખ્ય સાધન છે. રેપો દર અને ફુગાવાને વ્યસ્ત રીતે સંબંધિત છે, કારણ કે જ્યારે રેપો દર વધે છે, ફુગાવાને ઘટાડે છે અને તેનાથી વિપરીત છે. તે હોમ લોન, પર્સનલ લોન અને બેંક ડિપોઝિટ દરોના વ્યાજ દરોને પણ અસર કરે છે.

### ભાજપ-કોંગ્રેસ આમને-સામને

# રાજ્યસભામાં કોંગ્રેસના સાંસદની સીટ નીચેથી નોટોનું બંડલ મળ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

શુક્રવારના દિવસે રાજ્યસભામાં ભારે હોબાળો થઈ ગયો. કોંગ્રેસ સાંસદ અભિષેક મનુ સિંઘવીની સીટ પર ૫૦૦ રૂપિયાની નોટોનું બંડલ મળવાથી ભાજપે ખૂબ હોબાળો કર્યો.

ભાજપે તેને ગંભીર મામલો ગણાવ્યો અને આખા મામલાની ઉચ્ચ સ્તરીય તપાસની માગ કરી છે. કોંગ્રેસે આરોપ સાબિત થતાં પહેલાં જ સાંસદનું નામ સાર્વજનિક કરવા પર વાંધો ઉઠાવ્યો. સંસદના શિયાળુ સત્રનો આજે ૯મો દિવસ છે. શુક્રવાર સવારે જેવી સદનની શરૂઆત થઈ તો રાજ્યસભાના સભાપતિ જગદીપ ધનખડે કહ્યું કે, "કાલે જ્યારે સુરક્ષા કર્મચારી નિયમિત તપાસ કરી રહ્યા હતા તો તેમને સીટ નંબર ૨૨૨ પર ૫૦૦ રૂપિયાની નોટોનું બંડલ મળ્યું. આ સીટ કોંગ્રેસ સાંસદ અભિષેક મનુ સિંઘવીને ફાળવવામાં આવેલી છે." ધનખડે આગળ કહ્યું કે, "પરંપરા અનુસાર, તપાસના આદેશ આપી દીધા છે. આ સ્પષ્ટ નથી કે કરન્સી નોટ અસલી હતી કે નકલી. બંડલમાં ૫૦૦ રૂપિયાની નોટ છે. આ મારુ કર્તવ્ય હતું અને હું સદનને સૂચના આપવા માટે બાધ્ય છું. આ એક નિયમિત તપાસ છે, જે રોજ થાય છે." તેમણે કહ્યું કે, "અમને આશા છે કે કોઈ કરન્સી નોટ પર દાવો કરશે, પણ હજુ સુધી કોઈએ દાવો કર્યો નથી." તેમણે આગળ કહ્યું કે, "શું લોકો આ રીતે નોટોના બંડલ ભૂલી શકે ખરા?" ત્યાર બાદ સદનમાં હોબાળો થયો અને સત્તા પક્ષ અને વિપક્ષ વચ્ચે આરોપ-પ્રત્યારોપ શરૂ થઈ ગયા. વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, "સભાપતિને તપાસ પૂરી થયા વિના સભ્યનું નામ ન બતાવવું જોઈએ." તો વળી સદનના નેતા જેપી નડ્ડાએ વિપક્ષ પર આરોપ લગાવ્યો કે, "તેઓ અમુક મુદ્દા પર ઉત્સુકતા બતાવી રહ્યા છે. જ્યારે અન્ય મુદ્દા પર પડદો નાખવા માગે છે."

### યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનો નિર્ણય

# વિદ્યાર્થીઓ હવે વર્ષમાં બે વખત એડમિશન મેળવી શકશે

(સંપૂર્ણ સમાચાર સેવા )નવી દિલ્હી

યુનિવર્સિટીમાં એડમિશન લેનારા વિદ્યાર્થીઓ માટે ખુશીના સમાચાર છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન એટલે UGC એ પાંચ ડિસેમ્બરથી સ્નાતક અને અનુસ્નાતકની ડિગ્રી પ્રદાન કરનારા માટે નવા નિયમો જાહેર કર્યા છે. જે હેઠળ વિદ્યાર્થીઓ હવે વર્ષમાં બે વખત એડમિશન મેળવી શકશે. વિદ્યાર્થીઓને હવે જુલાઈ-ઓગસ્ટ અને જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં એડમિશન લેવાની તક મળશે.નવા નિયમો અનુસાર, વિદ્યાર્થી રેગ્યુલર, લર્નિંગ અને ડિસ્ટન્સ મોડમાં કોર્સ કરી શકશે. તદુપરાંત બંને કોર્સ ઓછા કે વધુ સમયમાં પૂરો કરવાનો વિકલ્પ પણ મળશે. યુનિવર્સિટી અને કોલેજે પોતાની કુલ ક્ષમતાના ૧૦ ટકા સુધી વિદ્યાર્થીઓને એક્સેસ ડ્યુરેશન પ્રોગ્રામ અને એસ્સેલેરેટેડ ડ્યુરેશન પ્રોગ્રામની મંજૂરી આપવાની રહેશે. એડીપી હેઠળ એક સેમેસ્ટર ઓછુ ભણવુ પડશે, જ્યારે ઈડીપી હેઠળ બે સેમેસ્ટર વધારી કોર્સ પૂરો કરી શકશે. યુજીસીનો આ નિર્ણય વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન વધારવાનો ઉદ્દેશ છે. એક જ વિદ્યાર્થી બે જુદા-જુદા યુજી અને પીજી કોર્સ કરી રહ્યો હશે, તો તેની બંને ડિગ્રી માન્ય ગણાશે. ૧૨ ધોરણ પાસ વિદ્યાર્થી રાષ્ટ્રીય સ્તરે પ્રવેશ પરીક્ષામાં કોઈપણ કોર્સના યુજી અને પીજીમાં એડમિશન લઈ શકશે. આ સંદર્ભે યુજીસીના ચેરમેન જગદીશ કુમારે જણાવ્યું કે, યુનિવર્સિટીના આ વલણથી વિદ્યાર્થી સરળતાથી અભ્યાસ કરી શકશે. તેમજ કોઈપણ સ્તર પર અભ્યાસ છોડ્યા બાદ ફરીથી પ્રવેશ મેળવી શકાશે. વધુમાં વોકેશનલ અને સ્કિલ કોર્સના ક્રેડિટ પણ ડિગ્રી કોર્સના ક્રેડિટમાં સામેલ કરવામાં આવશે. જો કોઈ કોર્સમાં એડમિશન લેવા માટે પ્રવેશ પરિક્ષાની જોગવાઈ છે, તો વિદ્યાર્થીએ તે પ્રવેશ પરિક્ષા અનિવાર્યપણે આપવાની રહેશે. આ દ્વિવાર્ષિક પ્રવેશની સુવિધા લાગુ કરવા સજ્જ છે. તેનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને વર્ષમાં બે વખત એડમિશન આપાવનો છે. જેથી તેઓ સરળતાથી અભ્યાસ પૂર્ણ કરી શકે. આ પ્રસ્તાવિત ફેરફારોમાં મહત્ત્વની જોગવાઈઓ સામેલ છે. જેમાં મલ્ટીપલ એન્ટ્રી અને એક્ઝિટનો વિકલ્પ, શિક્ષણ પહેલાં જ ઓળખ, અને એક સાથે યુજી-પીજી પ્રોગ્રામમાં એડમિશન સમાવિષ્ટ છે. યુજીસીના આ ડ્રાફ્ટ ગાઈડલાઈન પર તમામ સંબંધિત પક્ષો પાસેથી ૨૩ ડિસેમ્બર, ૨૦૨૪ સુધીમાં પ્રતિક્રિયા મગાવવામાં આવી છે.

### સુનામીનું એલર્ટ જાહેર કર્યા બાદ રદ

# અમેરિકાના નોર્થ કેલિફોર્નિયામાં ૭.૦ની તીવ્રતાનો ભૂકંપ

(સંપૂર્ણ સમાચાર સેવા)નોર્થ કેલિફોર્નિયા

અમેરિકાના ઉત્તર કેલિફોર્નિયામાં ગુરુવારે એક ભયાનક ભૂકંપ બાદ અધિકારીઓએ પહેલા સુનામીનું એલર્ટ જાહેર કર્યું હતું. જોકે થોડીવાર પછી રદ કર્યું હતું. અમેરિકન જિયોલોજિક સરવે અનુસાર આ ભૂકંપનો જોરદાર આંચકો સવારે ૧૦:૪૪ વાગ્યે ફેરંડેલ અને જો ઓરેગન સરહદ નજીક હમ્બોલ્ટ કાઉન્ટીના એક નાનકડાં શહેરની પશ્ચિમે અનુભવાયો હતો. માહિતી અનુસાર સાન ફ્રાન્સિસ્કો સુધી ભૂકંપના આંચકા અનુભવાયા હતા. લોકોએ જણાવ્યું કે આંચકા એટલા જોરદાર હતા કે તેઓ જાણે રીતસરના હિંચકા પર ઝૂલતા હોય તેવું લાગ્યું હતું. જોકે તેના બાદ પણ એક પછી એક અનેક આંચકા અનુભવાયા. સાન ફ્રાન્સિસ્કો બે એરિયા રેપિડ ટ્રાન્ઝિટ ડિસ્ટ્રિક્ટ એ સાન ફ્રાન્સિસ્કો અને ઓકલેન્ડ વચ્ચે પાણીની અંદરની ટનલ મારફતે થતી તમામ અવરજવરને અટકાવી હતી. યુએસ જિયોલોજિકલ સરવે અનુસાર ૭.૦ તીવ્રતાવાળા આ ભૂકંપ બાદ કેલિફોર્નિયામાં ઓછામાં ઓછા ૫.૩ મિલિયન લોકો સામે સુનામીનું જોખમ સર્જાયું હતું. જોકે પછીથી તેને લગતી ચેતવણી પાછી ખેંચી લેવામાં આવી હતી. જ્યાં ભૂકંપ આવ્યો હતો તેનાથી લગભગ ૧.૩ મિલિયન લોકો રહે છે. આ તમામ લોકોએ ભયાનક ભૂકંપના આંચકા અનુભવ્યા હતા.

### ચિત્રકૂટ નજીક ઝાંસી-મિર્ઝાપુર હાઈવે પરની ઘટના

# મધ્યપ્રદેશમાં ગમખ્વાર અકસ્માત સર્જાયો, ૬ લોકોના મૃત્યુ નિપજ્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)ચિત્રકૂટ

મધ્યપ્રદેશના ચિત્રકૂટમાંથી માર્ગ અકસ્માતની એક દર્દનાક ઘટના સામે આવી છે. બોલેરો કાર અને ટ્રક વચ્ચે ટક્કરમાં છ લોકોના મૃત્યુ થયા છે. જ્યારે કે, પાંચ લોકો ઘાયલ હોવાનું કહેવાય છે, જેમાંથી ૩ની સ્થિતિ ગંભીર હોવાનું કહેવાય છે.

ત્રણેય ગંભીર રીતે ઘાયલ લોકોને ઉચ્ચ કેન્દ્રમાં રીફર કરવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને તમામ મૃતદેહોનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પીડિતાના પરિવારને ઘટના વિશે જાણ કરવામાં આવી છે.

જાણવા મળ્યા મુજબ ચિત્રકૂટ માર્ગ અકસ્માતમાં છ લોકોના મોત થયા હતા. આ અકસ્માત ઝાંસી-મિર્ઝાપુર હાઈવે પર થયો હતો. જણાવવામાં આવી રહ્યું છે કે પ્રયાગરાજ બાજુથી હાઈવે પર બોલેરો કારની સામે એક ઝડપી ટ્રક આવી રહી હતી.

અચાનક બંને વાહનો એકબીજા સાથે અથડાયા અને પછી આ ભયાનક માર્ગ અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં ૬ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા જ્યારે ૫ લોકો ઘાયલ થયા હતા, જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

કહેવામાં આવી રહ્યું છે કે આ દુર્ઘટના ચાલકને ઝોકું આવી જતાં થઈ હતી. બોલેરોમાં મુસાફરી કરી રહેલા તમામ લોકો પ્રયાગરાજથી મુલાકાત કરીને પરત ફરી રહ્યા હતા. તમામ લોકો મધ્યપ્રદેશના છતરપુર જિલ્લાના ગુલગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના ગુલગંજ ગામના રહેવાસી હતા. બોલેરોમાં જમુના (ઉ.વ.૪૨), ફુલા (ઉ.વ.૪૦), રાજ (ઉ.વ.૧૮), નન્હે (ઉ.વ.૬૫), હરીરામ (૪૫), મોહન (૪૫), મંગના (ઉ.વ.૫૦) અને એક અજાણ્યો વ્યક્તિ મુસાફરી કરી રહ્યા હતા. મૃત્યુ પામેલા લોકોની હજુ સુધી ઓળખ થઈ શકી નથી.

ઘટનાની માહિતી મળતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે તમામ ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. ડિવિઝનલ કમિશનર, ડીઆઈજી અને એસપી હોસ્પિટલ પહોંચ્યા અને ઘાયલોની ખબર પૂછી. પોલીસે મૃતકોના મૃતદેહને પોતાની કસ્ટડીમાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. ઘટના બાદ પોલીસે આ અકસ્માતની તપાસ શરૂ કરી છે. પોલીસ અકસ્માતનું કારણ શોધવામાં વ્યસ્ત છે.

### ઓમર અબ્દુલ્લાનું મુસ્લિમોને લઈને મોટું નિવેદન

# જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા માંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ,

ઉત્તર પ્રદેશના સંભલમાં મસ્જિદના સર્વેક્ષણ અને ત્યારબાદની ઘટનાને લઈને પ્રતિક્રિયાઓનો સિલસિલો ચાલુ છે. આ એપિસોડમાં જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાનું નિવેદન સામે આવ્યું છે. ઓમર અબ્દુલ્લાએ ગુરુવારે કહ્યું હતું કે ભારતમાં મુસ્લિમો અત્યાચારનો સામનો કરી રહ્યા છે અને આ હવે તે ભારત નથી રહ્યું જેની તેના સ્થાપકોએ કલ્પના કરી હતી અથવા જમ્મુ અને કાશ્મીરે તેનો ભાગ બનવાનું પસંદ કર્યું હતું.

સાઉદી અરેબિયાથી ઉમરાહ કરીને પરત ફરેલા ઓમર અબ્દુલ્લાએ ગુરુવારે પહેલીવાર મીડિયાને સંબોધિત કર્યું. આ દરમિયાન તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ હવે ચૂંટણી બાદ આઝાદ છે. આવી સ્થિતિમાં, તેઓએ હવે જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની માંગ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તેમણે કહ્યું કે નેશનલ કોન્ફરન્સના મેનિફેસ્ટોમાં જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવાની માંગને પ્રાથમિકતા આપવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ?યું હતું કે, દેશની હિન્દુત્વ ઈકો સીસ્ટમ પર કોઈપણ જાતના સંયમ વિના પ્રહારો થઈ રહ્યા છે, જેનાથી શંકા ઉપજી છે કે શું ભારત ધર્મનિરપેક્ષ દેશ રહેશે? તેમણે કહ્યું કે ભાજપ સુનિયોજિત રણનીતિના ભાગરૂપે મુસ્લિમોને નિશાન બનાવી રહી છે. આ અંતર્ગત મદરેસાઓ, કબરો અને મસ્જિદોને નિશાન બનાવવામાં આવી રહી છે. ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે ભાજપ મુસ્લિમ તુષ્ટિકરણની વાત નથી કરતી. પરંતુ મુસ્લિમોને ખુશ ન કરવાનો અર્થ એ નથી કે તેણે તેમના પર હુમલો કરવો જોઈએ.

નેશનલ કોન્ફરન્સના નેતાએ કહ્યું, "મસ્જિદો, દરગાહ અને ધર્મ પાળવાની અમારી રીત પર જઈને તમે અમારો શિકાર કરી રહ્યા છો. આ તે ભારત નથી કે જેનો ભાગ બનવા માટે જમ્મુ અને કાશ્મીર પસંદ કર્યું હતું." ઓમર અબ્દુલ્લાનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે થોડા દિવસો પહેલા રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તીએ લઘુમતીઓ સાથેના વ્યવહારના મામલે ભારત અને બાંગ્લાદેશની તુલના કરી હતી, જેના પર ભાજપે નારાજગી વ્યક્ત કરી હતી.




# તંત્રી લેખ......

## મહારાષ્ટ્રનું કોકડું ઉકેલાયું

વિધાનસભા ચૂંટણી બાદ ભાજપનીત મહાયુતિને બહુમતી મળવા છતાં પોતાના મુખ્યમંત્રી પસંદ કરવામાં લગભગ ૧૨ દિવસનો સમય લાગી ગયો. આખરે મહારાષ્ટ્રને સાધવામાં ભાજપ સફળ રહી છે, ભાજપના ખાતામાં સીએમ પદ આવ્યું અને હવે પૂર્વ સીએમ દેવેન્દ્ર ફડણવીસ મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રી રહેશે. તેમણે મહાયુતિને પોતાના ધારાસભ્ય દળના નેતા ચૂંટ્યા છે. મહાયુતિમાં સહયોગી અને કાર્યવાહક સીએમ એકનાથ શિંદેની રાજકીય જીદ અડચણ બની હતી. ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીથી લઈને ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણી સુધી મહારાષ્ટ્રની રાજનીતિમાં ઘણું પાણી વહી ચૂક્યું છે. ગત ચૂંટણીમાં પણ ભાજપ અને શિવસેનાને બહુમતી મળી હતી, પરંતુ મુખ્યમંત્રીના સવાલ પર ઉદ્ધવ ઠાકરેની જીદને કારણે ભાજપ સરકાર નહોતી બનાવી શકી, એ સમયે ઉદ્ધવ ઠાકરેએ શરદ પવારની પાર્ટી એનસીપી અને કોંગ્રેસ સાથે મળીને સરકાર બનાવી હતી અને ખુદ સીએમ બન્યા હતા. આ સરકાર લગભગ અઢી વર્ષ ચાલી, ત્યારબાદ એકનાથ શિંદેએ શિવસેનામાં બળવો કર્યો, શિવસેના બેફાડ થઈ ગઈ, તેનાથી ઉદ્ધવની સરકાર અલ્પમતમાં આવી ગઈ, તેમણે પદ છોડવું પડ્યું, મહાવિકાસ અઘાડીની સરકાર ચાલી ગઈ, શિંદેની શિવસેનાએ ભાજપ સાથે ગઠબંધન કર્યું. ભાજપના સમર્થનથી શિંદે મહારાષ્ટ્રના સીએમ બન્યા. ભાજપ અને શિંદેની શિવસેનાના ગઠબંધનમાં પાછળથી સિંચાઈ કૌભાંના આરોપોનો સામનો કરી રહેલા એનસીપી નેતા અજિત પવાર બળવો કરીને પોતાના સમર્થક ધારાસભ્યો સાથે સામેલ થઈ ગયા. આ વખતે ચૂંટણી મેદાનમાં ભાજપ, શિંદેની શિવસેના અને અજિત પવારની એનસીપીની મહાયુતિ મેદાનમાં ઉતરી, તેનો મુકાબલો ઉદ્ધવ ઠાકરેની શિવસેના, શરદ પવારની એનસીપી અને કોંગ્રેસના ગઠબંધન મહાવિકાસ અઘાડી (એમવીએ) સાથે હતો. આ ચૂંટણીમાં માનવામાં આવતું હતું કે એમવીએનું પલડું ભારે છે, કારણ કે લોકસભા ચૂંટણીમાં એમવીએએ સારું પ્રદર્શન કર્યું હતું, પરંતુ વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિએ શાનદાર જીત મેળવી. ૨૮૮ સીટોવાળી વિધાનસભાચૂંટણીમાં મહાયુતિને ૨૩૦ સીટો મળી છે, ભાજપને ૧૩૨ સીટો પર વિજય મળ્યો.

શિંદેની શિવસેના અને અજિતની એનસીપીને પણ મહાયુતિમાં ભારે ફાયદો થયો. થોડા વર્ષ પહેલાં લાગતું હતું કે મહારાષ્ટ્રમાં ભાજપ અને એકીકૃત એનસીપી વચ્ચે જ ચૂંટણી જંગ થશે, પરંતુ હવે પ્રદેશ રાજકીય રૂપે વધુ વિભાજિત થઈ ગયો છે. હવે નવી સરકારના વડા રૂપે દેવેન્દ્ર ફડણવીસ સામે મહાયુતિના વાયદાને પૂરો કરવાનો ભારે પડકાર રહેશે. તેમણે એકનાથ શિંદે અને અજિત પવાર જેવા ચતુર નેતાઓને સાધવા પણ પડશે. શિંદેની મહત્ત્વાકાં-ાને કારણે જ ભાજપનીત મહાયુતિને સરકારની રચનામાં આટલો સમય લાગ્યો. એમ તો ભાજપ આ સમયે ઘણી મજબૂત છે, રાજકીય દબાણ શિંદે અને અજિત પવાર પર વધારે હશે. મુંબઈ આર્થિક રાજધાની પણ છે અને મહારાષ્ટ્રમાં જળસંકટ મોટી સમસ્યા છે, મરાઠા અનામતનો મુદ્દો છે, સિંચાઈ કૌભાંડ જેવા કેસો પણ છે, એવામાં ભાજપ નીત મહાયુતિ નવી સરકાર સામે મહારાષ્ટ્રને વિકાસના આગલા ચરણમાં લઈ જવું આસાન નહીં હોય. ભાજપની કોશિશ પ્રદેશની તાકાત બનવાની અને જનાધાર વધારવાની પણ છે, જેમાં પોતાના સહયોગીઓ સાથે તાલમેલ બેસાડીને ચાલવું કાંટાના તાજ જેવું છે.

ખડગે સહિતના દિગ્ગજોએ પાઠવી શ્રદ્ધાંજલિ

## મોદીએ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ પાઠવી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સંસદ ભવનના પરિસરમાં શુક્રવારે ૬૯મા મહાપરિનિર્વાણ દિવસના અવસરે ડૉ. બાબાસાહેબ આંબેડકરને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, લોકસભા સ્પીકર ઓમ બિરલા અને વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ શ્રદ્ધાંજલિ આપી હતી. આ દરમિયાન વડાપ્રધાન મોદી અને કોંગ્રેસ અધ્યક્ષ ખડગેએ એકબીજાને અનોખા અંદાજમાં આવકાર્યા હતા. બંનેએ એકબીજા સાથે હાથ મિલાવ્યા અને જોર જોરથી હસતા જોવા મળ્યા હતા.

બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની આજે પુણ્યતિથિ રહેલી છે. તેમની યાદમાં આજના દિવસને મહાપરિનિર્વાણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ભીમરાવ આંબેડકરનો વારસો આજે પણ સમગ્ર દેશમાં પ્રેરણાનો સ્રોત છે. સામાજિક ન્યાય, શિક્ષણ અને સમાનતાના ક્ષેત્રમાં તેમણે જે ક્રાંતિ શરૂ કરી છે તે હંમેશા પ્રાસંગિક રહેશે. તેમના વિચારો અને યોગદાન વંચિતોના સશક્તિકરણમાં સીમાચિહ્નરૂપ સાબિત થયા.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, જ્યારે દેશ ડૉ. બાબાસાહેબ આંબેડકરના યોગદાનને યાદ કરે છે, ત્યારે તેઓ ફરી એકવાર તેમના વિઝનને સાકાર કરવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરે છે. મહાપરિનિર્વાણ દિવસ પર, અમે આપણા બંધારણના નિર્માતા અને સામાજિક ન્યાયના પ્રતિક એવા ડૉ. બાબાસાહેબ આંબેડકરને નમન કરીએ છીએ, જય ભીમ'.

ડૉ. ભીમરાવ આંબેડકરનો જન્મ ૧૪ એપ્રિલ ૧૮૯૧ના રોજ મધ્ય પ્રદેશના મહુમાં થયો હતો. તેઓ મહાર જાતિના હતા, જે તે સમયે અસ્પૃશ્ય ગણાતા હતા. આંબેડકરે તેમના જીવનના શરૂઆતના દિવસોમાં જાતિગત ભેદભાવ અને સામાજિક અસમાનતાનો સામનો કર્યો હતો. પરંતુ તેમના પિતા રામજી માલોજી સકપાલે તેમને શિક્ષણ તરફ પ્રેરિત કર્યા. આંબેડકરે તેમના શિક્ષણ દ્વારા સમાજમાં પરિવર્તન લાવવાનું નક્કી કર્યું. તેઓ મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજમાંથી સ્નાતક થયા અને બાદમાં કોલંબિયા યુનિવર્સિટી અને લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાંથી ઉચ્ચ શિક્ષણ મેળવ્યું. તેમણે કાયદા અને અર્થશાસ્ત્રમાં ડોક્ટરેટ ડિગ્રી મેળવી. તેમના શિક્ષણે તેમને માત્ર એક કુશળ વિદ્વાન જ નહીં પણ એક સમાજ સુધારક બનવાની પ્રેરણા આપી. ડૉ. આંબેડકરે ભારતીય રાજકારણમાં પ્રવેશ કર્યો અને દલિત સમુદાયના અધિકારો માટે લડ્યા. ૧૯૩૦ના દાયકામાં, તેમણે પૂના કરાર દ્વારા દલિતો માટે અલગ મતદાર મંડળની માંગ કરી. તેઓ ભારતીય સમાજમાં સમાનતા અને ન્યાયના પ્રબળ સમર્થક હતા. તેમના પ્રયાસોને કારણે ભારતમાં દલિતોના અધિકારોને બંધારણીય રક્ષણ મળ્યું. ૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયા પછી, આંબેડકરને બંધારણ સભાના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. તેમણે ભારતનું બંધારણ ઘડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેમનું બંધારણ વિશ્વની સૌથી મોટી લોકશાહી માટે પાયાનો પથ્થર બની ગયું. જેમાં તમામ નાગરિકોને સમાનતા, સ્વતંત્રતા અને ન્યાયનો અધિકાર સુનિશ્ચિત કરવામાં આવ્યો હતો.

ડૉ. ભીમરાવ આંબેડકરે ૧૯૫૬માં દલિત સમુદાય સાથે બૌદ્ધ ધર્મ અપનાવ્યો હતો. તેઓ માનતા હતા કે, બૌદ્ધ ધર્મના સિદ્ધાંતો સામાજિક સમાનતા અને બંધુત્વને પ્રોત્સાહન આપે છે. ૬ ડિસેમ્બર ૧૯૫૬ના રોજ લાંબા સમયથી બીમાર રહેલા ડૉ.બાબાસાહેબ આંબેડકરનું નવી દિલ્હીમાં અવસાન થયું.

ભૂજ – નખત્રાણા ૪૫ કિ.મી. રોડ ફોર લેન હાઈ સ્પિડ કોરીડોર તરીકે વિકસાવાશે

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ફોર લેન હાઈ સ્પિડ કોરીડોર રોડ માટે ૯૩૭ કરોડ રૂપિયા મંજુર કર્યા

માતાના મઢ - ધોરડો – સફેદ રણ જેવા પ્રવાસન સ્થળે જવામાં આ માર્ગ ફોર લેન થવાથી સુગમતા થશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના મહત્વના પ્રવાસન સ્થળોને જોડતા માર્ગો સહિતના અગત્યના માર્ગોના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટનો અભિગમ અપનાવ્યો છે.

આ હેતુસર, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભૂજથી નખત્રાણા સુધીનો ૪૫ કિલો મીટર રોડ ફોર લેન હાઈ સ્પિડ કોરીડોર તરીકે વિકસાવવા માટેનો પ્રોજેક્ટ હાથ ધરવા રૂ.૯૩૭ કરોડ મંજુર કર્યા છે.

હાલની સ્થિતીએ ૧૦ મીટર પહોળાઈનો આ માર્ગ હાઈ સ્પિડ કોરીડોર થવાથી સુપ્રસિધ્ધ તીર્થ સ્થળ માતાના મઢ તેમજ નારાયણ સરોવર અને ધોરડો તથા સફેદ રણ જેવા પ્રવાસન સ્થળે આવાગમન માટે ભવિષ્યમાં વધુ સુગમતા થશે.

એટલું જ નહિ, આ રસ્તો આંતરરાષ્ટ્રિય સરહદ અને પાનન્ધ્રો લિગ્નાઈટ માઈન્સને જોડતો સૌથી મહત્વનો માર્ગ હોવા ઉપરાંત આ અંતરિયાળ જિલ્લાને રાજ્યના અન્ય જિલ્લાઓ તેમજ દેશના અન્ય રાજ્યોના જિલ્લાઓ સાથે જોડતો રસ્તો પણ છે.

આમ, ૪૫ કિ.મી.નો આ ભૂજ-નખત્રાણા માર્ગ ફોર લેન હાઈ સ્પિડ કોરીડોર થવાથી સરળ, ઝડપી અને ઈંધણ બચત યુકત યાતાયાત ભવિષ્યમાં શક્ય બનશે.

# કેન્દ્રીય રાજ્યમંત્રીશ્રી નીમુબેન બાંભણીયાનો સંવેદનશીલ અભિગમ: સર.ટી. હોસ્પિટલ ખાતે દિવ્યાંગજનો માટે એસેસ્ટમેન્ટ કેમ્પ યોજાયો



માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ના વિકસિત ભારત સક્ષમ ભારત બને અને દિવ્યાંગો પણ તેમાં ભાગીદાર થઈ શકે માટે આજે ભાવનગર ના સાંસદ અને ભારત સરકારના મંત્રી શ્રીમતી નીમુબેન બાંભણીયા ના વિશેષ સહયોગથી આજે ભાવનગર ખાતે દીવ્યાંગો માટે **ADIP** યોજના હેઠળ ભાવનગર પશ્ચિમ અને પૂર્વ બંને વિસ્તારના તપાસણી કેમ્પ સર.ટી હોસ્પિટલ ખાતે યોજાયો હતો. આ સાથે આવતીકાલે ભાવનગર ગ્રામ્ય વિસ્તારનો કેમ્પ યોજાશે તેમજ આવનારા દિવસોમાં ભાવનગર જિલ્લાના વિવિધ તાલુકામાં આ કેમ્પ નું આયોજન કરવામાં આવનાર છે.

આ કેમ્પમાં બહોળી સંખ્યા માં લાભાર્થીઓ એ તપાસણી લીધો છે.જેમાં દિવ્યાંગોને તેઓને અનુરૂપ સાધનો સહાય માટે નોંધણી કરવામાં આવી તેમજ નવા મેડિકલ સર્ટિફિકેટ,યુ.ડી.આઈ.ડી. કાર્ડ કાઢવાની કામગીરી તેમજ દિવ્યાંગોને લગતી વિવિધ યોજના બાબતે કામગીરી કરવામાં આવી રહી છે.આવનારા દિવસોમાં પણ બાકી રહેતા દિવ્યાંગજનો આ એસેસ્ટમેન્ટ કેમ્પનો વધુ માં વધુ લાભ લે તે માટે કેન્દ્રીય મંત્રી દ્વારા અપીલ કરવામાં આવી છે.

# અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો માટે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના રાજ્ય સરકાર દ્વારા બંધ કરવાના સમાચારો સંબંધે આદિજાતિ વિભાગની સ્પષ્ટતા

અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો માટે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના બંધ કરવાના રાજ્ય સરકારના નિર્ણય સંદર્ભે વિવિધ અખબારોમાં પ્રસિધ્ધ થયેલ સમાચારોના સંબંધમાં આદિજાતિ વિભાગ દ્વારા સ્પષ્ટતા કરતા જણાવાયું છે કે, કેન્દ્ર સરકાર દ્વારા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ ની યોજના અમલમાં મૂકી છે. જેમાં રાજ્ય સરકાર પણ જોડાયેલ છે. આદિજાતિ બાબતોનું મંત્રાલય, ભારત સરકારની વર્ષ ૨૦૧૦થી લાગુ થયેલ આ યોજનાની માર્ગદર્શિકા અનુસાર આદિવાસી સમાજનાં બાળકોને પેઈડ અને ફ્રી સીટ ઉપર પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ મળવાપાત્ર હતી.

પરંતુ, આદિજાતિ બાબતોનું મંત્રાલય, ભારત સરકારની વર્ષ ૨૦૨૨થી નવી માર્ગદર્શિકા બહાર પાડી છે અને તેના અનુસંધાને રાજ્યોને સમયાંતરે સૂચનાઓ પણ આવેલ છે. નવી સુચનાઓ મુજબ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાનો ઉદ્દેશ્ય અનુસૂચિત જનજાતિઓના તેજસ્વી તેમજ ગરીબ બાળકોને ઉચ્ચ શિક્ષણ મળે તેવો હોઈ, મેનેજમેન્ટ ક્વોટામાં એટલે કે પેઈડ સીટ ઉપર પ્રવેશ મેળવે તો તે માટે શિષ્યવૃત્તિ નહીં આપવાનો નિર્ણય કર્યો છે.

વધુમાં, આ યોજના કેન્દ્ર સરકાર પુરસ્કૃત હોઈ, રાજ્ય સરકાર દ્વારા આદિજાતિ બાબતોનું મંત્રાલય, ભારત સરકાર દ્વારા યોજનાને સબંધિત માર્ગદર્શિકા અનુસાર યોજનાની અમલવારી કરવાની રહે છે. તદનુસાર, રાજ્ય સરકાર દ્વારા કાળજીપૂર્વકની વિચારણાના અંતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ થી મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ બંધ કરવાનો નિર્ણય કરેલ છે.

જો કે, અત્રે એ નોંધવું જરૂરી છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં કે તે પૂર્વે જે વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ હોય અને શિષ્યવૃત્તિનો લાભ મળેલ હોય તેવા તમામ વિદ્યાર્થીઓને કોર્ષ પૂર્ણ થાય ત્યાં સુધી તે સમયની માર્ગદર્શિકા મુજબ શિષ્યવૃત્તિનો લાભ આપવાનું પણ ઠરાવાયું છે.

પોષણની સાંસ્કૃતિક પરંપરાઓ પર આધારિત કોફી ટેબલ પુસ્તકનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિમોચન કરાયું

# પ્રાકૃતિક પદાર્થો અને પોષક તત્વોથી સભર ખાન-પાનની ટેવ અનુસરવી જોઈએ - મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દીનદયાળ શોધ સંસ્થાન અને ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત 'પોષણ ઉત્સવ'નો શુભારંભ કરાવ્યો

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, કુદરતે આપેલા પ્રાકૃતિક પદાર્થો અને પોષક તત્વોથી સભર ખાન-પાનની ટેવ અનુસરવી જોઈએ. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'બેક ટુ બેઝિક'નો જે મંત્ર આપ્યો છે તે આપણને ભારતની ભાતીગળ ભોજન પ્રથાઓ અને વ્યંજનો તરફ ફરી કેન્દ્રિત થવાનું દિશાસૂચન કરે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દીનદયાળ શોધ સંસ્થાન અને ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'ક્ષેત્રીય પોષણ ઉત્સવ'નો પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીના હસ્તે 'પોષણ ઉત્સવ- કોફી ટેબલ પુસ્તક'નું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. આ પુસ્તક પોષણની ભારતીય પરંપરા વિષય પર તૈયાર કરાયું છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી એ આપણને ઝીણી ઝીણી બાબતોનું ધ્યાન રાખવાનું માર્ગદર્શન હંમેશા આપ્યું છે.

સ્વચ્છતા અભિયાન, હર ઘર શૌચાલય, સૌર ઊર્જાનો કાર્યક્ષમ ઉપયોગ, કેચ ધી રેન - જળ સંચય, 'એક પેડ મા કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ, શ્રી અન્નનો ભોજનમાં સમાવેશ જેવી નાની છતા ખૂબ જ અસરકારક અને અગત્યની બાબતો પર દેશનું દિશાદર્શન તેમણે કર્યું છે. મુખ્યમંત્રીશ્રીએ પરંપરાગત ભોજન વિજ્ઞાન અને ભારતીય વ્યંજનોનું મહત્વ સમજાવતા કહ્યું કે, ચોમાસા દરમિયાન ઉપવાસ કરવાની વાત દરેક ધર્મમાં કહેવાઈ છે. વર્ષા ઋતુમાં પાચનશક્તિ મંદ હોય છે ત્યારે ઉણોદરી - મીતાહાર પણ એટલો જ જરૂરી છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ભારતીય સંસ્કૃતિ આપણને ઋતુ પ્રમાણેનું આહાર લેવાનું શીખવે છે, સ્વાદ માટે નહીં પરંતુ પોષણ અને સ્વાસ્થ્ય માટે ભોજન લેવાની હિમાયત આપણી ધાર્મિક પરંપરાઓ અને તહેવારો કરે છે.

તેમણે ઉમેર્યું કે, આપણા મંદિરો, ધાર્મિક પર્વમાં અપાતા પ્રસાદમાં પણ પોષણનું ધ્યાન રાખવામાં આવે છે. ભારતીય પરંપરાઓમાં ધર્મ અને વિજ્ઞાન એકબીજાના પૂરક બની સમાંતર ચાલતા હોવાનો આ પુરાવો છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વર્તમાન સમયમાં ભૌતિકતા ઉપર વધારે ભાર અપાય છે, સ્વાસ્થ્ય પર પૂરતું ધ્યાન અપાતું નથી. 'પહેલું સુખ તે જાતે નર્યા', આ કહેવત અનુસરવાની જરૂર છે. શરીર સ્વસ્થ હશે તો જ ભૌતિક સુખ સુવિધાઓને માણી શકાશે.

આ પ્રસંગે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડો.નીરજા ગુપ્તાએ ભોજનમાં પોષણના મહત્વ વિશે વિસ્તૃત સમજાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, હાલ વધતી જતી બીમારીઓ વચ્ચે આપણા સ્વાસ્થ્યને જો સારું રાખવું હશે તો પોષણ વાળો ખોરાક લેવો જ હિતાવહ છે. વધુમાં, રાજ્ય સરકાર દ્વારા ગુજરાત યુનિવર્સિટીને મળેલા ૫ રેટિંગ બદલ કુલપતિ શ્રી ડો.નીરજા ગુપ્તાએ મુખ્યમંત્રીશ્રી તથા શિક્ષણ વિભાગનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે દીનદયાળ શોધ સંસ્થાનના પ્રધાન સચિવ શ્રી અતુલ જૈન, શ્રી ગિરીશ શાહ, શ્રી ભરત પંડ્યા, શ્રી ડો.મીના કુમારી તથા દીનદયાળ શોધ સંસ્થાન સાથે જોડાયેલા સભ્યો અને વિદ્યાર્થીઓ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ધોળકાના અરણેજ ખાતે ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભીની અધ્યક્ષતામાં રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪ યોજાયો

રવિકૃષિ પાકોના આધુનિક મિકેનીઝમ બાબતે તેમજ ખેડૂતોને વિવિધ વિભાગોની યોજનાકીય જાણકારી મળી રહે તે માટે અમદાવાદ જિલ્લા કલેકટર શ્રી તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ ધોળકા તાલુકા વહીવટી તંત્ર દ્વારા ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભીની અધ્યક્ષતામાં ધોળકાના અરણેજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અધ્યક્ષ ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભીએ ધોળકામાં વર્ષ ૨૦૦૫થી શરૂ થયેલ કૃષિ મહોત્સવની ફલશ્રુતિ સ્વરૂપે, કૃષિક્ષેત્રે થયેલ વિકાસની ગાથાનું સચોટ વર્ણન કરતા જણાવ્યું હતું કે, સરકારશ્રીના આવા કાર્યક્રમોના કારણે ખેડૂતોને વિવિધ નવિન બિયારણ, ખાતર, રોગ અને જીવાત બાબતે જાણકારી મળી રહે છે અને આ કારણસર અમદાવાદ જિલ્લો ડાંગરના ઉત્પાદન અને વિસ્તારમાં સમગ્ર રાજ્યમાં મોખરે છે. ધારાસભ્યશ્રીએ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતા કૃષિ મહોત્સવની અગત્યતા, કૃષિ, બાગાયત, પશુપાલન તથા આત્મા વિભાગની વિવિધ યોજનાઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું.

આ રવિકૃષિ મહોત્સવમાં ખેડૂતોને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજના વૈજ્ઞાનિકશ્રીઓ તરફથી ખેતી પાકોની ખેતી અંગે માર્ગદર્શન, પ્રગતિશીલ ખેડૂતો તરફથી તેમના અનુભવો તથા સિદ્ધિઓ વર્ણવવામાં આવ્યા હતા. રવિ કૃષિ મહોત્સવમાં ખેતીવાડી, બાગાયત, પશુપાલન, આત્મા તથા અન્ય વિભાગો તરફથી નિદર્શન સ્ટોલ ગોઠવવામાં આવેલા હતા જેનો ૫૦૦થી વધારે ખેડૂતોએ લાભ લીધો હતો.

તાલુકા પંચાયત પ્રમુખશ્રી રંજનબહેન ચૌહાણ, જિલ્લા સદસ્યશ્રી હિરલબહેન પટેલ, તાલુકા ભાજપ પ્રમુખશ્રી દિગ્વિજયસિંહ મસાણી, કિસાન મોરચાના અધ્યક્ષશ્રી રણજીતસિંહ ચાવડા, જયંતિભાઈ પટેલ, તાલુકા વિકાસ અધિકારીશ્રી બિપીનભાઈ પરમાર, મદદનીશ ખેતી નિયામકશ્રી(વિ) રવિન્દ્રસિંહ રાઠોડ, તાલુકા બાગાયત અધિકારીશ્રી લાલજીભાઈ ચૌધરી, વિસ્તરણ અધિકારી શ્રી કે.સી.ભરવાડ, ધોળકા તાલુકાના તમામ ગ્રામસેવકશ્રીઓ, પશુપાલન, આત્મા વિભાગના કર્મચારીઓ તથા તાલુકા વહીવટીતંત્રના અન્ય કર્મચારીશ્રીઓ તેમજ વિશાળ સંખ્યામાં ખેડૂતો આ રવિકૃષિ મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા.

# જોધપુરમાં ઘરઘાટી વૃદ્ધાના ૨.૬૦ લાખના દાગીના ચોરી ફરાર

**ઘરઘાટી ઘણા સમયથી વેપારીના પરિવારનું કામ કરતો હતો અને સર્વન્ટ રૂમમાં રહેતો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)જોધપુર

સેટેલાઈટના પરિવાર સાથે જ સર્વન્ટ રૂમમાં રહેતો ઘરઘાટી વૃદ્ધાના દાગીના ચોરી ગયો હતો. વેપારીની માતા પોતાના બીજા દીકરાના ઘરે ગયા હતા. જ્યાંથી પરત ફર્યા અને પોતાની બેગ પલંગ પર મૂકીને પૌત્રને મળવા ગયા ત્યારે ઘરઘાટી કારીગરી કરીને ફરાર થઈ ગયો હતો. ઘરઘાટી ઘણા સમયથી વેપારીના પરિવારનું કામ કરતો હતો અને સર્વન્ટ રૂમમાં રહેતો હતો. જોધપુર ખાતેના વિનસ આઈવીમાં રહેતા રિતેશ સિરોહિયાએ સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ઘરઘાટી શંભુસિંહ તંવર વિરુદ્ધ ૨.૬૦ લાખના દાગીનાની ચોરીની ફરિયાદ કરી છે. રિતેશ સિરોહિયા સ્ટીલના વેપારી છે અને પત્ની પ્રિયંકાબહેન, દીકરો અને માતા સાથે રહે છે. રિતેશ સિરોહિયાના ઘરે શંભુસિંહ તંવર ઘરઘાટી તરીકે કામ કરતો હતો અને ઘરમાં બનાવેલ સર્વન્ટ રૂમમાં રહેતો હતો. શંભુસિંહ મૂળ રાજસ્થાનના સલાવટા ગામના રહેવાસી છે. રિતેશ સિરોહિયાના મોટાભાઈ સંદીપ સિરોહિયા તેમના પરિવાર સાથે મેમનગર ખાતે રહે છે. ૨૨ નવેમ્બરના રોજ રાજુબહેન રિતેશભાઈના ઘરે પરત આવ્યા હતા અને પોતાની બેગ પલંગ પર મૂકીને પૌત્રને મળવા માટે ગયા હતા. પરત આવીને જોયું તો બેગમાંથી સોનાના રિયલ ડાયમંડવાળી બે બંગડી તેમજ ત્રણ વીંટી ગાયબ હતાં. રાજુબહેનના રૂમમાં ઘરઘાટી શંભુસિંહ ગયો હતો ત્યારથી તે ગાયબ છે. રાજુબહેને તેના પુત્ર રિતેશને વાત કરી જેથી તેમણે ફરિયાદ કરી છે. રિતેશ પરિવાર સાથે વિયેતનામ ગયો હોવાથી તેણે આવીને ફરિયાદ કરી છે. સેટેલાઈટ પોલીસે આ મામલે ઘરઘાટી શંભુસિંહ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. પોલીસે શંભુસિંહને ઝડપી લેવા માટે ચક્રોગતિમાન કર્યાં છે અને એક ટીમ રાજસ્થાન તેના ઘરે પણ મોકલી છે. શંભુસિંહ રિતેશના ઘરે ઘણા સમયથી કામ કરતો હોવાનું સામે આવ્યું છે.

ખેડૂતો માટે RBIની મોટી જાહેરાત

# વગર વ્યાજે મળતી લોનની રકમમાં વધારો કરવામાં આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય રિઝર્વ બેંકના ગવર્નરે તેમની છેલ્લી નાણાકીય નીતિમાં ખેડૂતોને મોટી રાહત આપી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ હવે ખેડૂતોને વધતી મોંઘવારીથી રાહત આપવા માટે ગેરંટી વગર ૨ લાખ રૂપિયા સુધીની લોન આપવાની જાહેરાત કરી છે. હાલમાં આ મર્યાદા ૧.૬ લાખ રૂપિયા છે. અગાઉ સતત ૧૧મી વખત RBIએ રેપો રેટમાં કોઈ ફેરફાર ન કરવાનો નિર્ણય લીધો હતો. એટલે કે રેપો રેટ ૬.૫ ટકા પર રહેશે. બીજી તરફ સરકારે કેશ રિઝર્વ રેશિયો ઘટાડીને ૪ ટકા કર્યો છે. જેના કારણે દેશની બેંકોને ૧.૧૫ લાખ કરોડ રૂપિયાનું બૂસ્ટ મળશે.

નાણાકીય નીતિની સમીક્ષા વિશે માહિતી આપતા આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે બુધવારે જણાવ્યું હતું કે મોંઘવારી અને કૃષિમાં વપરાતા કાચા માલની કિંમતમાં વધારાને ધ્યાનમાં રાખીને ગેરંટી મુક્ત કૃષિ લોનની મર્યાદા ૧.૬ લાખ રૂપિયાથી વધારીને કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૨ લાખ સુધીનો નિર્ણય કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે આનાથી નાના અને સીમાંત ખેડૂતોનો નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન લેવાનો અવકાશ વધશે. નોંધનીય છે કે ૨૦૧૦માં આરબીઆઈએ કોઈપણ ગેરંટી વિના કૃષિ ક્ષેત્રને આપવા માટે ૧ લાખ રૂપિયાની મર્યાદા નક્કી કરી હતી. બાદમાં ૨૦૧૯માં તે વધારીને ૧.૬ લાખ રૂપિયા કરવામાં આવી હતી. આરબીઆઈએ કહ્યું કે આ અંગે ટૂંક સમયમાં પરિપત્ર જારી કરવામાં આવશે. મહત્વનું છે કે, ભારતીય રિઝર્વ બેંક (RBI) એ શુક્રવારે ચાલુ નાણાકીય વર્ષની પાંચમી નાણાકીય નીતિની બેઠકમાં સતત ૧૧મી વખત નીતિ દરમાં કોઈ ફેરફાર કર્યો ન હતો અને તેને ૬.૫ ટકા પર યથાવત રાખ્યો હતો. જોકે, અર્થતંત્રમાં રોકડ વધારવાના ઉદ્દેશ્ય સાથે કેન્દ્રીય બેંકે CRR (કેશ રિઝર્વ રેશિયો) ૪.૫ ટકાથી ઘટાડીને ચાર ટકા કર્યો છે. આ પગલાથી બેંકોમાં ૧.૧૬ લાખ કરોડ રૂપિયાની વધારાની રોકડ ઉપલબ્ધ થશે. CRR હેઠળ, વ્યાપારી બેંકોએ તેમની થાપણોનો ચોક્કસ હિસ્સો કેન્દ્રીય બેંક પાસે રોકડ અનામત તરીકે રાખવાનો હોય છે. આ સાથે, વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, આરબીઆઈએ ચાલુ નાણાકીય વર્ષ માટે આર્થિક વૃદ્ધિ દરનો અંદાજ ૭.૨ ટકાથી ઘટાડીને ૬.૬ ટકા કર્યો છે.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

ગરવી ગુજરાત


એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004.
(2) DESAI RAHUL MAHESHBHAI atBhavani Offset, Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

ડેઈલી માર્કેટ રિપોર્ટ

# એમસીએક્સ પર ક્રૂડ તેલ, નેચરલ ગેસના વાયદામાં નરમાઈનો માહોલ: બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ

**સોનાના વાયદાના ભાવમાં રૂ.૧૪૯ અને ચાંદીમાં રૂ.૨૨૦ની વૃદ્ધિ: મેન્થા તેલ ઢીલુ: કોમોડિટી વાયદાઓમાં રૂ.૮૫૬૬.૮૧ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૫૬૩૮૦.૪૩ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૪૭૭૮.૧૯ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૧૮૮૪૦ પોઈન્ટના સ્તરે**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૬૪૯૪૭.૬૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૮૫૬૬.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં, જ્યારે કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૫૬૩૮૦.૪૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૮૮૪૦ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૮૭૦.૪૯ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૪૭૭૮.૧૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૬૬૭૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૭૬૮૪૨ અને નીચામાં રૂ.૭૬૫૫૨ના મથાળે અથડાઈ, રૂ.૭૬૪૭૬ના આગલા બંધ સામે રૂ.૧૪૯ વધી રૂ.૭૬૬૨૫ના સ્તરે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૯૩ વધી રૂ.૬૧૭૦૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જ્યારે ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૬ વધી રૂ.૭૬૬૯ના ભાવ થયા હતા. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૨ વધી રૂ.૭૬૧૯૫ના ભાવ થયા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૨૬૯૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૩૨૭૫ અને નીચામાં રૂ.૯૨૬૪૪ના સ્તરને સ્પર્શી, રૂ.૯૨૪૨૪ના આગલા બંધ સામે રૂ.૨૨૦ વધી રૂ.૯૨૬૪૪ના ભાવ થયા હતા. આ સામે કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૯૨ વધી રૂ.૯૨૬૧૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જ્યારે ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૧૮૬ વધી રૂ.૯૨૬૦૫ના ભાવ થયા હતા.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૭૧૬.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબુ ડિસેમ્બર વાયદો રૂ.૫.૧ વધી રૂ.૮૨૫.૩ના ભાવ થયા હતા. જ્યારે જસત ડિસેમ્બર વાયદો રૂ.૧.૨ ઘટી રૂ.૨૮૭.૭૫ના ભાવ થયા હતા. આ સામે એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો રૂ.૧.૯૫ ઘટી રૂ.૨૪૪.૧૫ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે સીસું ડિસેમ્બર વાયદો ૫૦ પૈસા ઘટી રૂ.૧૮૨.૧ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૦૬૮.૮૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૭૯૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૮૦૪ અને નીચામાં રૂ.૫૭૩૭ના મથાળે અથડાઈ, રૂ.૫૮૦૫ના આગલા બંધ સામે રૂ.૫૮ ઘટી રૂ.૫૭૪૭ના ભાવ થયા હતા. જ્યારે ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૫૪ ઘટી રૂ.૫૭૫૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૪.૨ ઘટી રૂ.૨૫૬.૧ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૪.૪ ઘટી રૂ.૨૫૬ના ભાવ થયા હતા.

કૃષિચીજોમાં મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૩૭.૭ના ભાવે ખૂલી, રૂ.૨.૨ ઘટી રૂ.૯૨૬.૫ના ભાવે બોલાયો હતો. કોટન ખાંડી જાન્યુઆરી વાયદો ખાંડીદીઠ કોઈ ફેરફાર વગર રૂ.૫૫૬૩૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૩૮૧.૨૩ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૩૯૬.૯૬ કરોડના વેપાર થયા હતા. તાંબાના વાયદાઓમાં રૂ. ૧૦૨૧.૫૧ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૦૬.૫૭ કરોડ, સીસુ અને સીસુ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૬.૧૩ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૫૨.૫૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૦૧૬.૮૧ કરોડનાં વેપાર થયા હતા. જ્યારે નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૦૫૨.૦૬ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદાઓમાં રૂ. ૨.૭૯ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદાઓમાં રૂ. ૨.૯૯ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૩૨૪૨ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૩૪૫૫૪ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૮૭૦૯ લોટ અને ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૦૯૯૨૨ લોટના સ્તરે હતો. જ્યારે ચાંદીના વાયદાઓમાં ૨૫૧૭૨ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૦૨૨૪ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૨૧૮૧ લોટના સ્તરે રહ્યો હતો. ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૯૩૧૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૬૪૪૫ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૮૮૪૪ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૧૮૮૫૫ પોઈન્ટના સ્તર અને નીચામાં ૧૮૮૪૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૯ પોઈન્ટ ઘટી ૧૮૮૪૦ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૭.૮ ઘટી રૂ.૮૪.૩ના ભાવ થયા હતા. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૨૫ ઘટી રૂ.૧૨.૩ના ભાવે બોલાયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૭૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૫.૫ વધી રૂ.૯૩૪.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૯૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૪૩ વધી રૂ.૪૩૦૩.૫ના ભાવ થયા હતા. તાંબુ ડિસેમ્બર રૂ.૮૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૫૫ વધી રૂ.૧૫.૭૪ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૧૩ ઘટી રૂ.૪.૨ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૭.૪ ઘટી રૂ.૮૬.૪ના ભાવે બોલાયો હતો. આ સામે નેચરલ ગેસ-મિની ડિસેમ્બર રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૧ ઘટી રૂ.૧૨.૫૫ના ભાવ થયા હતા. જ્યારે સોનું-મિની ડિસેમ્બર રૂ.૭૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૨ વધી રૂ.૯૩૫.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૯૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૪૫ વધી રૂ.૩૭૫૦ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૩ વધી રૂ.૧૪૨.૩ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૯ વધી રૂ.૧૬.૧ના ભાવ થયા હતા.

સોનું ડિસેમ્બર રૂ.૭૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૧.૫ ઘટી રૂ.૭૯૫ના ભાવ થયા હતા. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૯૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૫ ઘટી રૂ.૨૬૬૨ના ભાવ થયા હતા. તાંબુ ડિસેમ્બર રૂ.૮૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૦૮ ઘટી રૂ.૧૦.૨ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર રૂ.૨૮૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૩૭ પૈસા વધી રૂ.૩.૯ના ભાવ થયા હતા.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૪.૪૫ વધી રૂ.૧૪૪.૩ના ભાવ થયા હતા. આ સામે નેચરલ ગેસ-મિની ડિસેમ્બર રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૦૫ વધી રૂ.૧૬.૩ના ભાવે બોલાયો હતો. જ્યારે સોનું-મિની ડિસેમ્બર રૂ.૭૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫ ઘટી રૂ.૮૭૩ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૯૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૦.૫ ઘટી રૂ.૨૫૫૨.૫ના ભાવે બોલાયો હતો.

# કુદરતી તેમજ માનવ સર્જિત આપત્તિના સમયે હોમગાર્ડ - સિવિલ ડિફેન્સના જવાનો ખડે પગે રહીને નાગરીકોની સેવા માટે તત્પર: અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસ

**"હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ સ્થાપના દિન-૨૦૨૪ની ઉજવણી અમદાવાદ ખાતે" ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસની અધ્યક્ષતામાં કરવામાં આવી**

ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસની અધ્યક્ષતામાં તા.૦૬ ડિસેમ્બરના રોજ "હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ સ્થાપના દિન-૨૦૨૪"ની રાજ્યકક્ષાની ઉજવણી હોમગાર્ડઝ ભવન, લાલદરવાજા ખાતે કરવામાં આવી હતી.

અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસે તમામ હોમગાર્ડસને ૬૨માં હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ સ્થાપના દિનની શુભકામના પાઠવતા જણાવ્યું હતું કે, હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણના સભ્યો કુદરતી તેમજ માનવ સર્જિત આપત્તિના સમયે પોતાના જીવની પરવાહ કર્યા વિના પ્રજાજનોના જીવ બચાવવાની કામગીરી હરહમેશ કરતા આવ્યા છે.

નાગરીક સંરક્ષણ અને કમાન્ડન્ટ જનરલ હોમગાર્ડઝના નિયામક શ્રી મનોજ અગ્રવાલે જણાવ્યું હતું કે, આજે સમાજની સુરક્ષા અને કલ્યાણ માટે કામ કરનારા વીર પુરુષો અને નારીઓના શૌર્ય, નિસ્વાર્થ સેવાભાવ અને સહનશીલતાનો ઉજવણી કરવાનો દિવસ છે. હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ માત્ર એક સંગઠન નથી; તે એકતા અને સ્વૈચ્છિક સેવાનો પ્રતિક છે. કુદરતી આફતો, તાત્કાલિક પરિસ્થિતિઓ દરમિયાન નાગરિકોની મદદ કરવી હોય કે સાવધાની અને શાંતિ જાળવવી હોય, તમે જે સમર્પણ બતાવ્યું છે તે અમૂલ્ય છે.

આ પ્રસંગે રાજ્યકક્ષા રમતોત્સવમાં ૧૦૦ મીટર, ૨૦૦ મીટર, ૪૦૦ મીટર દોડ, કબડ્ડી, વોલીબોલ, તેમજ રસ્સાખેંચના વિજેતા રમતવીરોને મહાનુભાવોના હસ્તે ટ્રોફી આપવામાં આવી હતી, તેમજ વર્ષ -૨૦૨૪ના કુલ-૨૦ ઙ્ઢર ઙ્ઘૈજષ્ઠના મેડલ હોમગાર્ડઝ દળ-નાગરિક સંરક્ષણ તંત્રના અધિકારી-કર્મચારીશ્રીઓ તેમજ માનદ્ અધિકારીશ્રી/સભ્યોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા જેમાં



બનાસકાંઠાની હોમગાર્ડઝ મહિલા દ્વારા ગરબા, નર્મદા હોમગાર્ડઝ મહિલા તથા નાગરીક સંરક્ષણ દ્વારા નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. નાગરીક સંરક્ષણ ટીમ દ્વારા રેસક્યુ ઓપરેશનું ડેમોસ્ટેશન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાગરીક સંરક્ષણ કચેરી અમદાવાદના કમાન્ડન્ટ શ્રી કુમાર પટેલ સહિત હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણના અધિકારીશ્રી – કર્મચારીશ્રીઓ, જવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# મહેસાણા જિલ્લાના નશબંધીકાંડ માં આવ્યો નવો વળાંક : ઓપરેશન માટે હોસ્પીટલોમાં વિભાગ દ્વારા અપાતો હતો ટાર્ગેટ

પ્રતિનિધિ,ગાંધીનગર

મહેસાણા જિલ્લાના નશબંધી કાંડમાં સૌથી મોટો ધડાકો થયો છે જેમાં ટાર્ગેટ આપી નશબંધી કરાવવાના રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આરોગ્ય ખાતાના કર્મચારીઓને ટાર્ગેટ અપાય છે. તેવી માહિતી સુત્રો તરફથી સામે આવી છે. હેલ્થ વર્કરને નશબંધી કરાવવા માટે રૂપીયા ૩૦૦ મળે છે તેમજ એમએચડબલ્યુ વર્કસને ઓપરેશન કરાવવા માટે ટાર્ગેટ અપાય છે. સરકારે એક વરસમાં ૧૮૫ નો જિલ્લા દીઠ ટાર્ગેટ અપાયો છે. ગાંધીનગર ના અડાલજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં નશબંધી થઈ હોવાની વાત બહાર આવી હતી.

એનએસવી પખવાડીયા અંતર્ગત હેલ્થ કર્મીઓને ટાર્ગેટ અપાયો છે. જેમાં ૧૩૨ નો ટાર્ગેટ અપાયો છે. જેમાં ૨૯ ઓપરેશન પુરા થયા છે ઈન્ચાર્જ સુપ્રિટેન્ડેન્ટ ડો. નિરાલી ગોધાણી એ દાવો કર્યો હતો કે મહેસાણાનો યુવક આવ્યો હતો. જેનુ ઓપરેશન થયુ છે અમારૂ કામ માત્ર ઓપરેશન થિયેટરની વ્યવસ્થા કરવાનુ છે. તો આ પ્રકારના ઓપરેશનોની તપાસ થવી જોઈએ માત્ર ૩૦૦ રૂપીયાની લાલચમાં અપરીણિત યુવકને નપુસક બનાવી દીધો હોવાની વાત બહાર આવી છે. એક વરસમાં ૧૮૫ નો જિલ્લાદીઠ આપેલો સરકારનો ટાર્ગેટ હોવાની વાત સુત્રો દ્વારા મળી રહી છે. જુલાઈ / ઓગષ્ટમાં ૧૮ નશબંધી કરાઈ છે તો અત્યાર સુધી કુલ ૪૬ નશબંધીના ઓપરેશન કરાયા હોવાની વાત બહાર આવી છે. હેલ્થ વર્કર ૩૦૦, દર્દીને ૨૨૦૦ રૂપીયા મળવાપાત્ર રકમ છે. આ પરીણીત યુવકને ૨૦૦૦ રૂપીયા મળ્યા હોવાની વાત બહાર આવી છે. તો દલાલ વચ્ચે ૨૦૦ રૂપીયા ચાઉ કરી ગયો હોવાની વાત સામે આવી છે.

આ બાબતે જો ઉંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તો મોટુ આકડાંકીય કૌભાંડ બહાર આવી શકે તેવી શકયતાઓ સેવાઈ રહી છે. બહુ ચર્ચિત કિસ્સાની વિગત એવી છે કે મહેસાણા તાલુકાના નવી શેઢાવી ગામના અપરીણીત ૩૦ વર્ષીય શ્રમજીવી યુવાન ગોવિંદ દંતાણીને ખેતરમાં મજુરી અપાવવાના બહાને ધનાલી કેન્દ્રનો મલ્ટીપરપજ હેલ્થ વર્કર શાહિલ અજમેરી લઈ ગયો હતો. યુવાનને અમદાવાદ નજીક અડાલજ સરકારી હોસ્પીટલમાં લઈ જવાયો હતો અને ત્યાં નશબંધી ઓપરેશન કરી નાખ્યુ હોવાનુ બહાર આવ્યુ હતું.

રાષ્ટ્રીય ક્ષય નિર્મુલન કાર્યક્રમ અંતર્ગત રાજયના ૧૬ જિલ્લા અને ૪ મહાનગરપાલિકાઓમાં ઝુંબેશ હાથ ધરવામાં આવશે

# ગાંધીનગર ખાતેથી આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે "૧૦૦ દિવસ સઘન ટીબી નિર્મુલન ઝુંબેશ"નો રાજ્યવ્યાપી શુભારંભ કરાશે

રાષ્ટ્રીય ક્ષય નિર્મુલન કાર્યક્રમ અંતર્ગત ટીબી રોગનું નિર્મુલન કરવા કેન્દ્ર અને રાજ્ય સરકાર કટીબદ્ધ છે. ટીબીના નવા કેસ ઝડપથી શોધી અને તેની સઘન સારવાર કરીને ટીબીથી થતા મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો લાવી સમગ્ર રાષ્ટ્રમાં જાહેર આરોગ્યમાં સુધારો લાવવાના હેતુસર તા. ૦૭ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રીના હસ્તે "100 days Intensified campaign on TB Elimination"નો પ્રારંભ કરવામાં આવશે. આ કાર્યક્રમનો રાજ્યવ્યાપી શુભારંભ આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ દ્વારા ઓડિટોરિયમ હોલ, જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ ગાંધીનગર ખાતે કરવામાં આવશે. રાષ્ટ્રીય ક્ષય નિર્મુલન કાર્યક્રમ અંતર્ગત ૧૦૦ દિવસ સઘન ઝુંબેશમાં ભારત સરકાર દ્વારા દેશના કુલ ૩૪૭ જિલ્લાઓ પૈકી રાજયના કુલ ૧૬ જિલ્લાઓ અને ૪ મહાનગરપાલિકાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઝુંબેશ દરમિયાન સમાજમાં રહેલા ટીબીના નવા કેસ ઝડપથી શોધી કાઢવા, ત્વરિત અને સઘન સારવાર, તેમજ જનભાગીદારી દ્વારા પોષણયુક્ત આહારની કીટ્સ પૂરી પાડવા જેવી વિવિધ કામગીરી કરવામાં આવશે.

આ સઘન ઝુંબેશમાં અપેક્ષિત પરિણામો પ્રાપ્ત કરવા માટે આરોગ્ય વિભાગ સાથે અન્ય વિભાગોની સક્રિય ભાગીદારી પણ મેળવવામાં આવશે. જેમાં જિલ્લા અને કોર્પોરેશનના આરોગ્ય વિભાગ ઉપરાંત, જિલ્લાના અન્ય વિભાગો, જાહેર ક્ષેત્રના સાહસો, નાગરિક સમાજ સંગઠન, સ્વૈચ્છિક સંસ્થાઓ, સહકારી અને અન્ય સમુદાયના સંગઠનો કે ફેડરેશનોની સક્રિય સહયોગપૂર્ણ ભાગીદારી જરૂરી છે. આ ઝુંબેશની સફળતા માટે ધારાસભ્યશ્રીઓ, પંચાયતી રાજ સંસ્થાઓના સભ્યશ્રીઓ અને શહેરી સ્થાનિક સંસ્થાઓના સભ્યોનો સંપર્ક કરી, તેઓને કાર્યક્રમમાં સાંકળી, તેઓના મતવિસ્તારમાં નિઃક્ષય વાહન (MMU)ને ફ્લેગ ઓફ અપાવી, નિઃક્ષય શિબિરોમાં સહયોગ લેવામાં આવશે.વધુમાં સ્થાનિક કક્ષાએ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરશ્રી, જિલ્લા કક્ષાએ કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ જરૂરી આયોજન કરી તથા અન્ય વિભાગો સાથે સંકલન કરી રિસોર્સ મોબીલાઇઝેશનની કામગીરી કરવામાં આવશે, એમ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની યાદીમાં જણાવ્યું છે.

# રાજયમાં પોલીસમાં ખાલી પડેલી ૨ હજાર પ્રમોશનલ પોસ્ટ પર એક મહિનામાં ભરતી કરાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારે હાઈકોર્ટના ફટકાર બાદ પોલીસભરતી મામલે સક્રિય થઈ ગઈ હોય તેવુ લાગી રહ્યુ છે. રાજયના પોલીસ વિભાગમાં ખાલી પડેલી જગ્યાઓ પર ભરતીને લઈ મહત્વના સમાચાર ગૃહ વિભાગમાંથી મળી રહ્યા છે.

પોલીસ વિભાગમાં ખાલી પડેલી ૨ હજાર પ્રમોશનલ જગ્યા પર એક મહિનામાં જ ભરતી કરવામાં આવશે. આ અંગે રાજય સરકાર વતી સરકારી વકીલે હાઈકોર્ટમાં માહિતી આપી હતી. પોલીસ ભરતી અંગે પાછલા બે મહિના દરમિયાન સરકાર દ્વારા શું કામગીરી કરવામાં આવી તેની માહિતી પણ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવી હતી. પોલીસ વિભાગમાં ખાલી પડેલી જગ્યાઓ મામલે સીધી ભરતી માટેની જાહેરાત અંગે પણ જલ્દીથી નિર્ણય લેવાશે. સરકારી વકીલ દ્વારા વધુમાં જણાવ્યુ હતું કે ફીઝીકલ પરીક્ષા માટે જરૂરી ટેન્ડર પ્રક્રિયા ચાલી રહી છે જે બાદ ઝડપથી જાહેરાત કરવામાં આવશે. ભરતી અંગેની વધુ સુનાવણી જાન્યુઆરી મહિનાના બીજા અઠવાડીયામાં હાથ ધરાશે.

દેશના ઘણા રાજયોમાં તોફાનો થતા જાન માલ ને નુકશાન થતુ હોય છે ત્યારે પોલીસની ભુમિકા અને સંખ્યાને લઈને હાઈકોર્ટમાં અગાઉ સુઓમોટો પીટીશન દાખલ થઈ હતી. આ પીટીશન સુપ્રિમ કોર્ટના ૨૦૧૯ ના નિર્દેશો પ્રમાણે લેવામાં આવી હતી. આ મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં ચીફ જજ સુનિતા અગ્રવાલ અને જજ પ્રણવ ત્રિવેદીની બેન્ચ સમક્ષ સુનાવણી ચાલી રહી હતી જેમાં આજે સરકારે જણાવ્યુ હતું કે તેઓ ૧૦ વરસનો ભરતી પ્લાન બનાવી રહ્યા છે. વર્તમાન ખાલી જગ્યાઓને સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં પુરી કરવાનો પ્લાન છે. ૩૧ જુલાઈ ૨૦૨૪ ની દ્રષ્ટીએ રાજયમાં ૧.૨૮ લાખ જેટલી પોલીસની મંજુર કરાયેલી ભરતીઓ છે. જે પૈકી ૩૩ હજાર જેટલી જગ્યાઓ ખાલી છે. આ ખાલી જગ્યાઓ પૈકી ૨૫૫૦૦ જેટલી જગ્યાઓ સીધી ભરતી થી ભરવામાં આવશે. જયારે ૭૭૨૫ જેટલી જગ્યાઓ પ્રમોશન થી ભરવામાં આવશે. જયારે ૭૭૨૫ જેટલી પ્રમોશનથી ભરાવવાની જગ્યાઓ પૈકી ૨૪૭૭ જગ્યા ૩૧ જુલાઈ બાદ ભરવાની હતી તેના માટે ૨૮ સપ્ટેમ્બર સુધીનો સમય નક્કી કરાયો હતો. બાકીની ૫૨૪૮ જગ્યા પ્રમોશનથી ભરવાની છે. ૩૧ ડિસે. સુધીમાં પુર્ણ કરવામાં આવશે. ખાલી જગ્યાઓમાં અનઆર્મ , એએસઆઈની ૮૭૧ જગ્યા, ૨૩૪ પીઆઈ ની જગ્યાઓ અને હેડકોન્સ્ટેબલની ૯૯૫ જેટલી જગ્યાઓ ખાલી છે. કોર્ટે પ્રમોશનથી ભરવાની પોસ્ટની ટાઈમલાઈન અને પ્રોસેસ માંગી હતી. કોર્ટ મિત્રે કહ્યુ હતુ કે ૫ પોલીસ ટ્રેનીંગ સેન્ટ્રલમાં પોલીસ ટ્રેનીંગમાં પહોંચી વળાતુ ન હોય તો નવી ટ્રેનીંગ ઈન્સ્ટિટયુટ ખોલવી જોઈએ. સંશાધનોની અસર દુર કરવી જોઈએ.

કોર્ટે કહ્યુ કે કોર્ટને સમસ્યાના ઉકેલમાં રસ છે. ઓથોરીટીની સમસ્યાઓ સાંભળવામાં નહી આવે જયારે ઉચ્ચ લેવલના અધિકારીઓની મીટીંગ યોજાય ત્યારે તેની મીનીટસ લખાવવી જોઈએ. સરકારે જણાવ્યુ હતું કે પોલીસ વિભાગમાં ૧૧૩૭૭ જગ્યા માટેની જાહેર બહાર પડાઈ છે. જેને સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં ભરી દેવામાં આવશે. ત્યારબાદ ૧૪૧૮૩ જેટલી ભરતીને સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં પુર્ણ કરવામાં આવશે. કોર્ટે સરકારને ભરતીનું એક વાર્ષિક કેલેન્ડર બનાવવા માટે પણ કહ્યુ હતું જેથી કરીને બધી ભરતી ભેગી થાય નહી.

# પોષણની સાંસ્કૃતિક પરંપરાઓ પર આધારિત કોફી ટેબલ પુસ્તકનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિમોચન કરાયું

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, કુદરતે આપેલા પ્રાકૃતિક પદાર્થો અને પોષક તત્વોથી સભર ખાન-પાનની ટેવ અનુસરવી જોઈએ. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'બેક ટુ બેઝિક'નો જે મંત્ર આપ્યો છે તે આપણને ભારતની ભાતીગળ ભોજન પ્રથાઓ અને વ્યંજનો તરફ ફરી કેન્દ્રિત થવાનું દિશાસૂચન કરે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દીનદયાળ શોધ સંસ્થાન અને ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'ક્ષેત્રીય પોષણ ઉત્સવ'નો પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીના હસ્તે 'પોષણ ઉત્સવ- કોફી ટેબલ પુસ્તક'નું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. આ પુસ્તક પોષણની ભારતીય પરંપરા વિષય પર તૈયાર કરાયું છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી એ આપણને ઝીણી ઝીણી બાબતોનું ધ્યાન રાખવાનું માર્ગદર્શન હંમેશા આપ્યું છે.

સ્વચ્છતા અભિયાન, હર ઘર શૌચાલય, સૌર ઊર્જાનો કાર્યક્ષમ ઉપયોગ, કેચ ધી રેન - જળ સંચય, 'એક પેડ મા કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ, શ્રી અન્નનો ભોજનમાં સમાવેશ જેવી નાની છતા ખૂબ જ અસરકારક અને અગત્યની બાબતો પર દેશનું દિશાદર્શન તેમણે કર્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ પરંપરાગત ભોજન વિજ્ઞાન અને ભારતીય વ્યંજનોનું મહત્વ સમજાવતા કહ્યું કે, ચોમાસા દરમિયાન ઉપવાસ કરવાની વાત દરેક ધર્મમાં કહેવાઈ છે. વર્ષા ઋતુમાં પાચનશક્તિ મંદ હોય છે ત્યારે ઉણોદરી - મીતાહાર પણ એટલો જ જરૂરી છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ભારતીય સંસ્કૃતિ આપણને ઋતુ પ્રમાણેનું આહાર લેવાનું શીખવે છે, સ્વાદ માટે નહીં પરંતુ પોષણ અને સ્વાસ્થ્ય માટે ભોજન લેવાની હિમાયત આપણી ધાર્મિક પરંપરાઓ અને તહેવારો કરે છે.તેમણે ઉમેર્યું કે, આપણા મંદિરો, ધાર્મિક પર્વમાં અપાતા પ્રસાદમાં પણ પોષણનું ધ્યાન રાખવામાં આવે છે. ભારતીય પરંપરાઓમાં ધર્મ અને વિજ્ઞાન એકબીજાના પૂરક બની સમાંતર ચાલતા હોવાનો આ પુરાવો છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વર્તમાન સમયમાં ભૌતિકતા ઉપર વધારે ભાર અપાય છે, સ્વાસ્થ્ય પર પૂરતું ધ્યાન અપાતું નથી. 'પહેલું સુખ તે જાતે નર્યા', આ કહેવત અનુસરવાની જરૂર છે. શરીર સ્વસ્થ હશે તો જ ભૌતિક સુખ સુવિધાઓને માણી શકાશે.

આ પ્રસંગે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડો.નીરજા ગુપ્તાએ ભોજનમાં પોષણના મહત્વ વિશે વિસ્તૃત સમજાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, હાલ વધતી જતી બીમારીઓ વચ્ચે આપણા સ્વાસ્થ્યને જો સારું રાખવું હશે તો પોષણ વાળો ખોરાક લેવો જ હિતાવહ છે.

વધુમાં, રાજય સરકાર દ્વારા ગુજરાત યુનિવર્સિટીને મળેલા ૫ રેટિંગ બદલ કુલપતિ શ્રી ડો.નીરજા ગુપ્તાએ મુખ્યમંત્રીશ્રી તથા શિક્ષણ વિભાગનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે દીનદયાળ શોધ સંસ્થાનના પ્રધાન સચિવ શ્રી અતુલ જૈન, શ્રી ગિરીશ શાહ, શ્રી ભરત પંડ્યા, શ્રી ડો.મીના કુમારી તથા દીનદયાળ શોધ સંસ્થાન સાથે જોડાયેલા સભ્યો અને વિદ્યાર્થીઓ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ૭ અને ૮ ડિસેમ્બરના રોજ દહેગામ યાર્ડ સ્થિત રેલવે ક્રોસિંગ નં. 28 B બંધ રહેશે

પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝનના નાંદોલ દહેગામ-રખિયાલ સેક્શનમાં સ્થિત રેલ્વે ક્રોસિંગ નંબર 28 B કિમી ૩૮૦/ ૬-૭ તાત્કાલિક સમારકામ અને જાળવણી કાર્ય માટે તા. ૦૭ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ સવારે ૦૯:૦૦ વાગ્યા થી ૦૮ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ રાત્રે ૧૯:૦૦ વાગ્યા સુધી રહેશે (૨ દિવસ) સુધી બંધ છે.

રોડ યુઝર્સ આ સમયગાળા દરમિયાન (RUB) અંડરપાસ ૨૦ A ચિલોડા-ગાંધીનગર હાઈવે દ્વારા મુસાફરી કરી શકે છે.

# સુચિત જંત્રીદર સામે વાંધા અરજી ઓફલાઈન સ્વીકારવા સરકારમાં ચાલતી ચર્ચા વિચારણા

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં નવી જંત્રીના અમલને લઈને સરકાર સામે વિવિધ સંગઠનો એ વિરોધનો સુર વ્યકત કર્યો છે જેને લઈને મહેસુલ વિભાગના અગ્રસચિવ જયંતિ રવિ એ બેઠકનો દોર શરૂ કર્યો છે. સરકારે જિલ્લા કલેકટરોને એવો આદેશ આપ્યો છે કે સુચિત જંત્રીના દરના મુદ્દે ઓનલાઈન તેમજ ઓફલાઈન વાંધા સુચનો મેળવવામાં આવે અને આવુ કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ એ છે કે નવી જંત્રીના અમલ બાદ કોઈપણ પ્રકારનો વિવાદ ઉભો થવો જોઈએ નહી તેમજ હીતધારકોને કોઈપણ પ્રકારની મુશ્કેલીનો સામનો કરવો ન પડે તે કરવાનો હેતુ છે.

ગુજરાત રાજય મહેસુલ વિભાગના અગ્રસચિવ જયંતી રવિ રાજયના જિલ્લા કલેકટરો સાથે બેઠક કરી રહ્યા છે જેમાં સ્ટેમ્પ ડયુટી વસુલાત સાથે જોડાયેલા અધિકારીઓને પણ બોલાવવામાં આવી રહ્યા છે આ બેઠકમાં સ્થાનિક અધિકારીઓએ પણ જંત્રીના વાંધા માટે ઓફલાઈન સિસ્ટમની માંગ કરી છે.

# જંત્રી દર મામલે બિલ્ડરો આવ્યા હવે લડાઈના મેદાને : સોમવારે બિલ્ડરોની જંગી રેલી

### ૩૦ લાખના મકાનની કિંમત ૩૪થી ૩૬ લાખ થશેઃ જંત્રીદર વધારાની સાઈડ ઈફેકટ ઘણી મોટી દરેક જગ્યાએ બોજ વધશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકાર દ્વારા પ્રોપર્ટી જંત્રી દર માં કરેલા સુચિત કમરતોડ વધારા સામે છેવટે બિલ્ડરલોબી લડાઈ ના મેદાને આવી છે. ગુજરાત વ્યાપી વિરોધ કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જે અન્વયે આગામી ૯ જાન્યુઆરીને સોમવારે ક્રેડાઈ-ગુજરાતના બેનર હેઠળ રાજયના ૪૦ શહેરોમાં રેલી યોજી કલેકટરોને આવેદન પત્ર આપવામાં આવશે. જંત્રી દરનો સુચિત વધારો હળવો કરવા, વાંધા સુચનો માટે અભ્યાસ કરવા વધુ મુદત આપવા સહિતની માંગણીઓ કરવામાં આવશે.




રાજકોટ બિલ્ડર એસોસીએશન દ્વારા યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં પ્રમુખ પરેશ ગજેરા સહિતના હોદ્દેદારોએ જણાવ્યુ હતુ કે જંત્રી દર ના સુચિત વધારાની સાઈડ ઈફેકટ ઘણી મોટી થાય તેમ છે અને તેનો સ્વીકાર અશકય છે. જુદા જુદા વિસ્તારોમાં ૨૨૦ થી ૨ હજાર ટકા સુધીનો જંત્રી દર વધારો થાય તેમ છે. આખા ગુજરાતમાં સમાન હાલત છે. એટલે ક્રેડાઈ દ્વારા જ સમગ્ર મુદ્દે પહેલ કરવામાં આવી છે. રાજકોટ સહિત રાજયના ૪૦ શહેરોમાં ક્રેડાઈના ચેપ્ટર છે. આ તમામ શહેરોમાં આગામી તા. ૯ જાન્યુઆરી સોમવારે બિલ્ડરો દ્વારા કલેકટર કે સંબંધિત અધિકારીઓને આવેદનપત્ર આપવામાં આવશે. તા. ૯ ને સોમવારે સવારે ૧૧ વાગે બિલ્ડરો તથા તેના સંલગ્ન સંગઠનોના સભ્યો રાજકોટ બહુમાળી ભવન ખાતે એકઠા થશે ત્યાંથી રેલી સ્વરૂપે નિકળી કલેકટર કચેરી પહોંચી આવેદનપત્ર આપશે.

જંત્રી દર સુચિત વધારાની ઈફેકટ માત્ર બિલ્ડરો જ નહી પરંતુ બાંધકામ ક્ષેત્ર સાથે સંકળાયેલા તમામ વર્ગોને થવાની છે. રેવન્યુ પ્રેકટીસનર્શ એસોસીએશન, સ્ટ્રકચર્સ એસોસીએશન, સ્ટ્રકચર્સ એન્જીનિયર્સ, આર્કીટેકટ, રીયલ એસ્ટેટ એજન્ટ એસોસીએશન, બાંધકામ રો મટીરીયલ્સના વેપારીઓને પણ સામેલ કરવામાં આવશે. જંત્રી દર વધારાથી પ્રોપર્ટીની કિંમતમાં થનારા મોટા વધારા વિશે લોકોને પણ વાકેફ કરીને તેઓને પણ જોડવામાં આવશે. એસોસીએશને એવો દાવો કર્યો હતો કે વર્તમાન સુચિત ધોરણે જ જંત્રીદર લાગુ થાય તો પ્રોપર્ટી ૨૦ થી ૩૦ ટકા મોંઘી થઈ શકે છે. કારણ કે જંત્રીની અસરે જમીન બિનખેતી કરાવવાનુ પ્રિમિયમ વધી જશે, પેઈડ એફએસઆઈ માં બોજો વધશે, દસ્તાવેજ રજીસ્ટ્રેશન ફી માં વધુ રકમ ભરવી પડશે, જીએસટીનુ ભારણ વધશે, કોર્પોરેશનનો ટેકસ વધશે, આવા અનેકવિધ બોજને કારણે અત્યારે ૩૦ લાખ માં મળતા મકાનની કિંમત ૩૪ થી ૩૬ લાખ રૂપીયા થઈ શકે છે. રાજય સરકારની આ હીલચાલથી બિલ્ડરોથી માંડીને ગ્રાહકો સુધી તમામ માથે અસલ બોજ પડવાનુ સ્પષ્ટ છે. સમગ્ર બાંધકામ ઉદ્યોગની હાલત વધુ ખરાબ થાય છે. જંત્રીદર ના સુચિત વધારા સામે વાંધા સુચનો રજુ કરવા માટે ૨૦ ડીસે.સુધીનો જ સમય આપવામાં આવ્યો છે. તેમાં વધુ બે માસનો વધારો કરવાની માંગ ઉઠી છે. આજ રીતે વાંધા સુચનો ઓનલાઈન રજુ કરવાની જોગવાઈ છે. તેના વિકલ્પમાં ઓફલાઈન વાંધાની છુટ આપવાની માંગ કરવામાં આવી છે. જેથી સામાન્ય લોકો પણ વાંધા રજુ કરી શકે. ઓનલાઈન સિસ્ટમ જટીલ છે અને તેમાં વાંધા રજુ કરવામાં ઘણી મુશ્કેલીઓ છે. બિલ્ડર એસોસીએશન દ્વારા એવો પણ દાવો કરાયો છે કે જંત્રીદર વધારાનો માર સંલગ્ન સેવાઓ પર પણ પડશે. કોર્પોરેશનને લાગેવળગે છે ત્યાં સુધી બિલ્ડરોને વધારાની એફએસઆઈ વેચાણ સ્વરૂપે આપે છે અને કરોડની આવકનો ટાર્ગેટ રાખવામાં આવ્યો હતો. પરંતુ અનેકવિધ કારણોસર ૫૦ થી ૧૦૦ કરોડ ઓછો થવાનો અંદાજ છે એટલુ જ નહી રાજય સરકારને સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન, ફી ની આવકને પણ ફટકો પડે તેમ છે.

જંત્રીદર ના સુચિત વધારા સામે વાંધા સુચનો માટે માત્ર ઓનલાઈન વ્યવસ્થા જ રાખવામાં આવી છે. પરંતુ તે ઘણી જટીલ હોવાથી શકય બનતુ નથી ત્યારે ઓફલાઈન વાંધા અરજીની પણ માંગણી કરવામાં આવી છે.

# ડીસા ભાજપમાં ભંગાણ : ધારાસભ્યના ત્રાસથી નગરપાલિકા પ્રમુખે પ્રમુખ અને વોર્ડ નં.૩ સભ્યપદેથી આપ્યુ રાજીનામુ

તસવીર યુનુસ મેમણ

પ્રતિનિધિ,ગાંધીનગર

બનાસકાંઠા જિલ્લાના ડીસામાં ભાજપમાં ભંગાણ સર્જાયુ છે. ડીસાના ધારાસભ્યના ત્રાસથી નગરપાલિકા પ્રમુખે રાજીનામુ આપ્યુ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ભાજપ શાસિત ડીસા નગરપાલિકામાં સત્તાધારી પક્ષના આંતરીક અસંતોષ વચ્ચે ડીસા નગરપાલિકાના મહિલા પ્રમુખે રાજીનામુ ધરી દીધુ છે. મહિલા પ્રમુખે પ્રમુદ પદ અને સભ્યપદેથી પણ રાજીનામુ ધરી દીધુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ડીસાના ધારાસભ્ય પ્રવિણ માળી પર ગંભીર આક્ષેપો કરવામાં આવતા રાજકારણ ગરમાયુ છે.



ભાજપ શાસિત ડીસા નગરપાલિકાના મહિલા પ્રમુખ સંગીતાબેન દવે સામે આંતરીક અસંતોષને ભાજપ મોવડી મંડળે તેઓને રાજીનામુ આપવાનો આદેશ કર્યો હતો. જો કે મહિલા પ્રમુખે ના આપતા ૨૨ નગરસેવકોની સહી સાથે નગરસેવકોએ અવિશ્વાસની દરખાસ્ત રજુ કરી હતી. અવિશ્વાસની દરખાસ્ત આપતા પાર્ટીના આદેશને લઈ આજે મોડી સાંજે મહિલા પ્રમુખ સંગીતાબેન દવેએ નગરપાલિકાના પ્રમુખપદ સહિત પાલિકાના વોર્ડ નં.૩ ના સભ્યપદેથી પણ રાજીનામુ ધરી દીધુ છે. પાલનપુર ખાતે કલેકટર કચેરીએ રાજીનામુ આપ્યા બાદ તેઓએ ડીસાના ધારાસભ્ય પ્રવિણ માળી અને તેમના મળતીયાઓના ત્રાસ થી રાજીનામુ આપ્યુ હોવાના આક્ષેપો કરતા ચકચાર મચી જવા પામી હતી.

સ્થાનિક ધારાસભ્ય વિકાસના કામોમાં અવરોધરૂપ બનતા હોઈ ડીસાનો વિકાસ ન રૂંધાય તે માટે તેઓએ રાજીનામુ આપ્યુ હોવાનુ પાલિકા પ્રમુખ સંગીતાબેન દવેએ જણાવ્યુ હતું. આમ ભાજપ શાસિત ડીસા નગરપાલિકાના પ્રમુખે ધારાસભ્ય સામે સંગીન આક્ષેપો કર્યા બાદ રાજીનામુ ધરી દેતા ડીસા ભાજપમાં ચાલતી આંતરીક જુથબંધી આગામી સમયમાં ભાજપ માટે ઘાતક નિવડી શકે તેમ છે.

પાલનપુર ડીસામાં રાજકીય હત્યા થઈ હોવાનો બ્રહ્મ સમાજે આક્ષેપ કર્યો છે. જો કે સમાજે બ્રહ્મ સમાજ ભાજપની પડખે રહેવા છતાં પહેલા બ્રહ્મ સમાજમાંથી આવતા પાલનપુર નગરપાલિકાના પ્રમુખ હેતલબેન રાવલ બાદ હવે ડીસા નગરપાલિકાના મહિલા પ્રમુખ સંગીતાબેન દવેનો ભોગ લઈ તેઓની રાજકીય હત્યા કરાઈ હોવાનુ જણાવતા સમસ્ત બ્રહ્મ સમાજ બનાસકાંઠાના પ્રમુખ અરૂણભાઈ જોશીએ ભાજપ પક્ષ દ્વારા બ્રહ્મ સમાજને થતા અન્યાય સામે ભારે રોષ ઠાલવ્યો છે.

# ગુજરાતમાં ચાલતા મેડીકલ સ્ટોરોમાં પોલમપોલ : ૫૦ ટકા મેડીકલ સ્ટોર્સ ફાર્માસિસ્ટ વગર ધમધમી રહ્યા છે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના ૫૦ ટકા મેડીકલ સ્ટોર્સ ડ્રગ્સ એકટનો ભંગ કરી ફાર્માસિસ્ટની હાજરી વિના ધમધમી રહ્યા છે છતાં આરોગ્ય વિભાગ આંખઆડા કાન કરી રહ્યુ છે. હપ્તાબાજી અને તોડમાં લોકોના આરોગ્ય સામે જોખમ ઉભુ થયુ છે. ડ્રગ્સ કમિશન રેટના કેટલાક ભ્રષ્ટાચારી અધિકારીઓ ના કારણે દવાના કાયદાઓને નેવે મુકીને શંકાસ્પદ વેપાર થઈ રહ્યો છે. રાજયના અંદાજે ૪૦ હજાર કરતા વધુ મેડીકલ સ્ટોર્સ પૈકી ૩૫ ટકા રજીસ્ટર્ડ ફાર્માસિસ્ટ નથી,૯૫ ટકા મેડીકલ સ્ટોર્સ ડોકટરના પ્રિસ્ક્રિપ્શન વિના બેફામપણે દવાઓ વેચી રહ્યા છે.



જે કાયદાનુ સંદતર ઉલ્લંઘન થઈ રહ્યુ છે. રાજયના મોટાભાગના મેડીકલ સ્ટોર્સમાં આવી પ્રવૃત્તિ ધમધમી રહી છે અને તેની જાણ ડ્રગ્સ કમિશન રેટના અધિકારીઓને હોવા છતાં પગલા લેવાતા નથી. રાજયમાં ડ્રગ્સ ઈન્સ્પેકટરોની ભારે અછતના કારણે આ નિયમિતપણે સરપ્રાઈઝ ચેકીંગ પણ થતુ નથી. કેટલાક અધિકારીઓ રાજકીય લોબીમાં વર્ચસ્વ ધરાવતા હોવાથી નિવૃત્તિ પછી તેઓ અનેક એકસટેન્શન લઈ આવ્યા છે અને પોતાની ખુરશી સલામત રાખી છે. લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા આ વિભાગ પર સરકાર કે આરોગ્ય મંત્રીનુ કોઈ નિયંત્રણ નથી. તપાસ કરતા જાણવા મળ્યુ કે કેટલાક તોડબાજ અધિકારીઓ પોતાની દુકાન ચાલુ રહે તે માટે આ વિભાગમાં નવી ભરતી કરવા દેતા નથી. મેડીકલ સ્ટોર્સમાં એકપણ ધારાધોરણ કે નિયમોનુ પાલન થતુ નથી આરોગ્ય વિભાગની બેદરકારીના કારણે ફાર્માસિસ્ટ વિના ચાલતા મેડીકલ સ્ટોર્સ કયારેક ગંભીર પરીણામ સર્જી શકે છે. નિયમ એવો છે કે મેડીકલ સ્ટોર્સ ચલાવવુ હોય તો ફાર્માસિસ્ટની લાયકાત હોવી જરૂરી છે પરંતુ સામાન્ય વેપારીઓ ફાર્માસિસ્ટનુ સર્ટીફીકેટ રાખીને ધંધો કરતા હોય છે આવા સ્ટોર્સમાં ડ્રગ્સ કચેરીના અધિકારીઓના હપ્તા બાંધી દેવામાં આવે છે. ફાર્માસિસ્ટ વિના દુકાન ચલાવનાર સંચાલકો સામે ગયા વરસે જ ફાર્મસી એકટમાં સુધારો કરીને કેન્દ્ર સરકારે લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરનાર તત્વો સામે કડક કાર્યવાહી કરવાના ભાગરૂપે નિયમોના ઉલ્લંઘન બદલ એક લાખ થી બે લાખ રૂપીયાનો દંડ અને ત્રણ મહિનાની જેલ ની સજા ઉપરાંત લાયસન્સ રદ કરવા સુધીના પગલા લેવાનો નિર્ણય કર્યો હતો. આ દંડ થી બચવા મેડીકલ સ્ટોર્સના સંચાલકો ડ્રગ્સ ઈન્સ્પેકટરોને હપ્તા બાંધી આપે છે. એક તરફ આયુષ્યમાન કાર્ડનો દુરુપયોગ કરી ખાનગી હોસ્પીટલો સરકારી સહાયનો ભરપુર લાભ ઉઠાવી લોકોના આરોગ્ય સામે પડકારો ઉભા કરી રહ્યા છે. ખાનગી હોસ્પીટલોના સંચાલકો સાથે આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કેટલાક રાજકીય નેતાઓ ભાગીદારીમાં કાંડ કરી રહ્યા છે. જેનો પહેલો કિસ્સો ખ્યાતિ હોસ્પીટલમાં જોવા મળ્યો છે. રાજયમાં આવી તો ઘણી હોસ્પીટલો હશે કે જેમાં ગરીબ દર્દીઓના ભોગે રાજકીય નેતા અને અધિકારીઓની ભાગીદારીથી સરકારી યોજનાઓના નાણાં બેફામપણે લુંટી લેવામાં આવે છે.

# ગુજરાતમાં શું થવા બેઠુ છે ? : અંધાપાકાંડ, ખ્યાતિકાંડ બાદ હવે ઓપરેશનકાંડ બહાર આવ્યુ : દારૂ પીવડાવીને નશબંધી કરી હોવાનો યુવાનનો દાવો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં શું થવા બેઠુ છે ? આરોગ્યમંત્રીને જાણે મંત્રી મંડળમાં રસ ન હોય તેમ આરોગ્ય વિભાગનુ તંત્ર ખાડે ગયુ છે. ભ્રષ્ટાચારે માજા મુકી છે અગાઉ મોરબીના અંધાપાકાંડ બાદ અમદાવાદનો ખ્યાતિકાંડ બાદ હવે ઓપરેશનકાંડ બહાર આવતા પ્રજામાં રોષ ભભુકી ઉઠયો છે.

અમદાવાદના ચકચારી ખ્યાતિ હોસ્પીટલની મોતની સર્જરીએ સમગ્ર દેશભરમાં ખળભળાટ મચાવ્યો છે. આવી હોસ્પીટલોએ પૈસા કમાવવાની લ્હાયમાં નિર્દોષ લોકોને સારવારના નામે ચીરી લેવામાં આવી રહ્યા છે. કેટલાક ડોકટરો દર્દીઓને કસાઈની માફક ચીરી રહ્યા છે. ત્યારે ખ્યાતિ કાંડ જેઓ જ વધુ એક ઓપરેશનકાંડ મહેસાણામાં બનવા પામ્યો છે. મહેસાણાના નવી સેઢાવી ગામ નજીક વગડામાં રહેતા યુવાનનુ લલચાવી ફોસલાવી નશબંધી નુ ઓપરેશન કરી નંખાયુ હોવાનો યુવકે દાવો કર્યો છે. મળતી માહિતી મુજબ મહેસાણાના નવી સેઢાવી ગામ નજીક વગડામાં રહેતા યુવાને ચોંકાવનારો આરોપ મુકયો છે તેણે આરોપ લગાવ્યો છે કે તેને લલચાવી ફોસલાવીને નશબંધીનુ ઓપરેશન કરાવી લેવાયુ છે. યુવકે લગાવેલા આરોપ મુજબ તે મજુરી કામ કરીને પોતાનુ ગુજરાન ચલાવે છે. તેને લલચાવી ફોસલાવી અમદાવાદ અડાલજની હોસ્પીટલમાં લઈ જવાયો હતો અને તેનુ નશબંધીનુ ઓપરેશન કરી દેવાયુ હતું. અમદાવાદમાં ખ્યાતિકાંડ બાદ હવે મહેસાણામાં ઓપરેશનકાંડ બહાર આવ્યુ છે. નવી સેઢાવી ગામ નજીક વગડામાં રહેતો યુવાન ઓપરેશનકાંડનો ભોગ બન્યો છે. યુવકને લલચાવી નશબંધીનુ ઓપરેશન કરી નાખ્યુ હોવાનો યુવકનો દાવો છે. યુવકને અડાલજ નજીક સબ ડીસ્ક્ટ્રીકટ હોસ્પીટલમાં નશબંધી કરી દેવામાં આવી હતી. યુવકના જણાવ્યા મુજબ દારૂ પીવડાવી નશબંધી કરી નાખવામાં આવી હતી. આ ઓપરેશન માટે ૨૨૦૦ રૂપીયા માંથી યુવકને ૨૦૦૦ આપ્યા ને દલાલે ૨૦૦ રૂપીયા લીધા હતા. નશબંધીના ઓપરેશન બાદ હવે જીવન બરબાદ થઈ ગયુ છે. લગ્ન બાદ નવુ જીવન શરૂ થાય તે અગાઉ જ જીવન દાવ ઉપર લાગ્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે યુવકના એક મહિના બાદ લગ્ન થવાના હતા અને હવે એક મહિના પહેલા જ તેનુ નશબંધીનુ ઓપરેશન કરી દેવામાં આવતા તેનુ લગ્ન જીવન દાવ પર લાગ્યુ છે. યુવકે દાવો કર્યો હતો કે અમદાવાદ તરફની અડાલજ સીએચસી હોસ્પીટલમાં તેને લઈ જવાયો હતો અને તેનુ નશબંધીનુ ઓપરેશન કરી દેવાયુ હતું. યુવકે લગાવેલા આરોપોની જો ઉંડી તપાસ કરવામાં આવે તો ખ્યાતિકાંડ હોસ્પીટલ કાંડ જેવુ આ ઓપરેશનકાંડ બહાર આવી શકે તેવી શંકા વ્યકત કરવામાં આવી રહી છે. યુવકે કરેલા આરોપોમાં કેટલુ તથ્ય છે તેતો તપાસ બાદ જ બહાર આવી શકે છે.

# દંડો છુટથી વાપરવો જોઈએ : ગુન્હેગાર જે ભાષા સમજે તે ભાષા થી સમજાવે તેને જ પોલીસ કહેવાય : ગૃહમંત્રી સંઘવી

તસવીર યુનુસ મેમણ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગરમાં તેરા તુજકો અર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૪૩૦ અરજદારોને તેમના મોબાઈલ પરત આપવામાં આવ્યા હતા આ કાર્યક્રમમાં રાજયના ગૃહ મંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ ગુન્હેગારોને લઈને પોલીસ કેવી હોવી જોઈએ તે અંગે ટકોર કરી હતી. મંત્રી સંઘવીએ કહ્યુ કે પોલીસ કર્મીઓને આપેલો દંડો છુટથી વાપરવો જોઈએ, ગુન્હેગાર જે ભાષા સમજે તે ભાષા થી સમજાવે તેને પોલીસ કહેવાય,



હર્ષ સંઘવીએ પોલીસ અધિકારીઓની હાજરીમાં કહ્યુ હતુ કે સામાન્ય નાગરીકો જયારે પોતાની ફરીયાદ લઈ પોલીસ સ્ટેશન આવે ત્યારે તેમના માન સન્માનની જવાબદારી પણ સૌ પોલીસ કર્મીઓની છે. પણ ગુન્હેગાર મહેમાન બની જલસા ન કરે એ પણ આપણે સતર્ક બનીને જોવાનુ છે, કોઈ ગુન્હેગાર પોલીસ સ્ટેશનમાં આવે અને મહેમાનગતિ કરવામાં આવે તેવી પરીસ્થિતિ ડીજીપી સુધી ન પહોચે તેની ચિંતા કરજો, આમ તેમ દોડવાની ઘણી આદતો હોય પરંતુ પોલીસ જોડે પાલો પડે તો ચાલવાની તકલીફ પડવી જ જોઈએ, રાજયના નાગરીકની શાંતિ , સલામતી અને સુરક્ષા એ પોલીસની જવાબદારી છે. મંત્રીએ વધુમાં કહ્યુ કે ફરીયાદી વિશ્વાસથી પોલીસ સ્ટેશન જાય છે, પણ સંપૂર્ણ કાર્યવાહી કરતા સમય લાગે છે, ત્યારે ફરીયાદી પોતાનો વિશ્વાસ ગુમાવે છે, આવા સમયે પોલીસ પોતાનુ કાર્ય કરતી જ રહે છે, ફરીયાદીની આશા છુટી જાય છે, પણ પોલીસે ફરીયાદીને આપેલો વિશ્વાસ તુટવા ન દેતા પોલીસની આશા અકબંધ રહે છે. તેનુ જ પરીણામ એટલે તેરા તુજકો અર્પણ, કાર્યક્રમ મંદિરની ચોરીની વાત આસ્થા સાથે જોડાયેલી છે, ભગવાનના દાગીના કે મુર્તિનુ જેટલુ મુલ્ય છે તેના કરતા વિશેષ આસ્થાનુ મુલ્ય છે અને આ આસ્થાને બચાવવા સરકાર અને પોલીસ સતત કટીબધ્ધ છે.

પહેલા વાત કરવામાં આવે તો ચોરાયેલો કે ખોવાયેલો મુદ્દામાલ મળવો ખુબ જ મુશ્કેલ હતો. જો ચોરને પકડવામાં આવે તો પણ પુરેપુરો સામાન કયારેય પાછો મળી શકતો ન હતો. પણ હવે આજનો સમય બદલાયો છે પોલીસ હાથો હાથ સ્ટેજ પર માનભેર માલીકને તેમનો માલ સામાન પરત કરે છે. તે વાતનુ ગર્વ હોવાનુ કહી અત્યાર સુધીમાં ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા ૮૬૦ મોબાઈલ ફોન તથા ચોરીનો મુદ્દામાલ મળી કુલ કિંમત રૂપીયા ૫.૬૧ કરોડનો મુદ્દામાલ માલિકોને પરત કરવામાં આવ્યો છે. આ કામગીરી બદલ ગૃહમંત્રીએ ગાંધીનગર પોલીસવડા તથા સમગ્ર જિલ્લાની પોલીસને અભિનંદન પાઠવ્યા હતા.

# સાબરકાંઠા જિલ્લા ભાજપ દ્વારા હિંમતનગર ખાતે મંડલ રચના અંતર્ગત કાર્યશાળા યોજાઈ

તસવીર યુનુસ મેમણ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ભાજપ દ્વારા સંગઠનપર્વ ઉજવવામાં આવી રહ્યુ છે. થોડા સમય બાદ પ્રમુખ પદ પણ બદલાવવાની શકયતાઓ વચ્ચે સાબરકાંઠા જિલ્લા ભાજપ દ્વારા હિંમતનગર ખાતે શહેરના પ્રથમ સ્કેવરમાં પ્રદેશ મહામંત્રી તથા ચુંટણી સહાયક ધવલ દવેની અધ્યક્ષતામાં મંડલ રચના બાબતે જિલ્લાની કાર્યશાળા યોજાઈ હતી.

આ પ્રસંગે અરવલ્લી જિલ્લા પ્રભારી રાજુભાઈ શુકલ, નરેન્દ્ર પરમાર, તખતસિંહ હડીયોલ, જે ડી પટેલ, જિલ્લા પ્રમુખ, જિલ્લાપંચાયત પ્રમુખ, ધારાસભ્ય વી ડી ઝાલા, જિલ્લા મહામંત્રી વિજય પંડયા, મહેન્દ્રસિંહ રહેવર, લોકેશ સોલંકી, સહિત સમગ્ર જિલ્લામાંથી અપેક્ષિત કાર્યકરો અને હોદ્દેદારો સંગઠનપર્વમાં ઉમટી પડયા હતા.



# બીઝેડ ગ્રૃપ નો કૌભાંડી ઠગ ભુપેન્દ્રસિંહ ઝાલાને હવે જેલમાંથી છુટવુ લોખંડના ચણા ચાવવા સમાન બની રહેશે

### ભુપેન્દ્રસિંહ ઝાલાના આગોતરા જામીન અરજી પર સુનાવણી મોકુફ : ૯ ડીસે. સોમવાર ના રોજ વધુ સુનાવણી હાથ ધરાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

પોન્ઝી સ્કીમ બીઝેડ ગ્રૃપ લોકોને એક ના ડબલ કરવાની લાલચ આપીને ૬ હજાર કરોડ રૂપીયા સેરવી લઈ ભાગી જનારા સાબરકાંઠા બીઝેડ ગૃપ પોન્ઝી સ્કીમના ભુપેન્દ્રસિંહ ઝાલાએ પ્રિન્સિપલ સેશન્સ કોર્ટમાં કરેલી આગોતરા જામીન અરજીની સુનાવણી આજે મોકુફ રખાઈ હતી હવે ૯ ડીસેમ્બરે સુનાવણી યોજાશે. વધુ એક કાંડ પરથી પરદો ઉચકાયો છે.

૬ હજાર કરોડના કૌભાંડી ભુપેન્દ્રસિંહ ઝાલા અત્યારે ભુર્ગભમાં ચાલી ગયો છે અને સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચ તેને શોધી રહી છે. બીઝેડ ગૃપના મુખ્ય કૌભાંડી ને ભાગેડુ ભુપેન્દ્રસિંહ ઝાલા એ ધરપકડ થી બચવા માટે પ્રિન્સિપલ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. પ્રિન્સિપલ સેશન્સ કોર્ટમાં ભુપેન્દ્રસિંહ ઝાલાના આગોતરા જામીન અરજી પર સુનાવણી યોજાવવાની હતી પણ આજે સુનાવણી મોકુફ રહી છે અને આગામી ૯ ડીસેમ્બર સોમવારના રોજ વધુ સુનાવણી હાથ ધરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે ભુપેન્દ્રસિંહ ઝાલાએ આગોતરા જામીન અરજીમાં પોતે કોઈ કૌભાંડ ન કર્યાની વાત કરી હતી. તેણે પોલીસ તપાસમાં સહકાર આપવાની પણ વાત કરી હતી, તો બીજી તરફ સીઆઈડી ક્રાઈમના હાથે ઝડપાયેલા ૬ આરોપીઓએ જામીન માટે અરજી કરી હતી. રાજય સરકારે આરોપીઓને જામીન આપવા અંગે વિરોધ વ્યકત કર્યો હતો. આરોપીઓ વિશાલ ઝાલા, દિલીપ સોલંકી, આંશિક ભરથરી, સંજય પરમાર, રાહુલ રાઠોડ અને રણવીરસિંહ ચૌહાણે જેલમુકત થવા અરજી કરી છે. જેલમુકત થવા અરજી કરેલા તમામ આરોપીઓ બીઝેડ ગૃપમાં જુદી જુદી જગ્યાએ કામ કરતા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે આ પોન્ઝી સ્કીમમાં રોકાણકારો ૫ લાખ નુ રોકાણ કરે તો ૩૨ ઈંચનુ ટીવી અથવા મોબાઈલ અને ૧૦ લાખનું રોકાણ કરે તો માલદીવ બાલી અથવા ગોવા નો પ્રવાસ અથવા વિદેશ પ્રવાસની લાલચ આપી હતી. આ ઉપરાંત રોકાણ કર્યા બાદ મોંઘી ગાડીઓ પણ ગીફટમાં આપવાની આરોપીઓએ જાહેરાત કરી હતી.

# અરવલ્લી જિલ્લામાં વધુ એક કંપનીના સીઈઓ સામે નોંધાઈ ફરીયાદઃ સીઈઓ અને ધારાસભ્ય ધવલસિંહ નો વિડીયો વાયરલ

પ્રતિનિધિ,ગાંધીનગર

અરવલ્લી જિલ્લામાં વધુ એક કંપનીના સીઈઓ સામે ફરીયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે. જેમાં આર.કે. એન્ટરપ્રાઈઝના હરપાલસિંહ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાઈ છે. હરપાલસિંહ સાથે ધારાસભ્ય ધવલસિંહ ઝાલાનો પણ વિડીયો પુરજોશમાં વાયરલ થઈ રહ્યો છે. સીઈઓ અને ધવલસિંહ ઝાલા સાથે રાજકીય અગ્રણીઓનો વિડીયો પણ સામે આવ્યો છે. ધવલસિંહ ઝાલાના વિડીયો વાયરલ થતા અનેક સવાલો ઉઠી રહ્યા છે આ અંગે હરપાલસિંહ ઝાલા વિરૂધ્ધ સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચમાં ફરીયાદ નોંધાઈ છે. જેને આધારે પોલીસે આ સંદર્ભે વધુ તપાસ હાથ ધરી છે.

# ભારતમાંથી વિદેશ અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીઓને લઈ ચિંતા વ્યકત કરતા શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરીયા

પ્રતિનિધિ,ગાંધીનગર

દેશ બહાર જતા વિદેશમાં અભ્યાસ કરવા જતાં વિદ્યાર્થીઓને લઈ શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરીયાએ ચિંતા વ્યકત કરી છે. શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરીયાએ કહ્યુ કે દર વરસે ૮ લાખ વિદ્યાર્થીઓ વિદેશ ભણવા જાય છે. બાદમાં ત્યાં મોટી મોટી કંપનીઓના સીઈઓ બને છે. ગુજરાતી સીઈઓ જોઈને આપણે પણ ફુલાઈ જઈએ છીએ પણ આ ફુલાવવાનો નહી પણ ચિંતાનો વિષય છે. આપણે અહી એ પ્રકારનુ વાતાવરણ ન આપી શકીએ ?



આજે કોઈ શાળા કે કોલેજના વર્ગખંડમાં જઈને પુછીએ કે કોને વિદેશ જવાની ઈચ્છા છે ? તો લગભગ ૫૦ ટકા વિદ્યાર્થીઓને વિદેશ જઈ કારકિર્દી બનાવવાનુ સ્વપ્ન છે. આજે વિદેશ જવાનો જાણે વાયરો ફુંકાયો છે પણ હોશિયાર વિદ્યાર્થીઓને જ વિદેશ જવુ છે તેવુ નથી હોશિયાર વિદ્યાર્થી નથી તેને પણ વિદેશ જવુ છે. આર્થિક રીતે ખર્ચને પહોંચી વળે તેમ નથી, તેમને પણ ગમે તેમ કરી ભારતની બહાર જતુ રહેવુ છે. શહેરની સાથે સાથે ગામડાના યુવાનોએ પણ વિદેશની વાટ પકડી છે. ભારતની મુડી એવા યુવાધનની મોટાપાયે હિઝરત શરૂ થઈ ગઈ છે. ત્યારે પ્રશ્ન થાય છે કે શા માટે ભારતનું યુવાધન વિદેશ તરફ દોડી રહ્યુ છે ? સરકારે, સમાજે, માતા પિતાએ અને શાળા કોલેજે પણ આ બાબતે વિચારવાની જરૂર છે. જો કે દેશ બહાર જતા યુવાધન અંગે શિક્ષણ મંત્રીએ ચિંતા વ્યકત કરી નિવેદન આપ્યુ હતું.

દેશ બહાર જતા આપણા યુવાધન અંગે શિક્ષણમંત્રીએ કહ્યુ કે દર વરસે ૮ લાખ વિદ્યાર્થીઓ બહાર ભણવા માટે જતા રહે છે. બાદમાં ત્યાં મોટી મોટી કંપનીઓના સીઈઓ બને છે આપણે એ કંપનીઓના ગુજરાતી સીઈઓ જોઈ ને ફુલાઈ જઈએ છીએ આ ફુલાવવાની નહી પણ ચિંતાનો વિષય છે. આપણે અહીં આ પ્રકારનું વાતાવરણ ન આપી શકીએ. આ વાત પરથી લાગી રહ્યુ છે કે શિક્ષણ વ્યવસ્થામાં હજુ પણ સુધારા લાવવાની જરૂર છે.